# પ્રાર્થના અને ધ્યાન

(તા.૮-૪-૧૪)

## આયાહિ સત્યં આવિર્ભવ-આવિર્ભવ

મારી હવે પ્રાર્થના છે કે મને પ્રત્યેક પદાર્થમાં કેવળ તારું જ દર્શન થાઓ, બધી જ વસ્તુઓ તારા દિવ્ય પ્રકાશ વડે ઝળહળી રહો. જગતમાંના તિરસ્કારો હવે શાંત થઈ જાઓ, દ્વેષમાત્ર નિર્મૂળ થઈ જાઓ, સર્વ ભય અદૃશ્ય થઈ જાઓ, શંકાઓ ઉચ્છેદ પામી જાઓ, દુરિચ્છાઓ જીતાઈ જાઓ, અને આ નજરમાં, આ દેશ, આ પૃથ્વી ઉપર સર્વ હૃદયો રૂપાંતર માત્રના મૂળરૂપ એવા આ ભવ્ય પ્રેમનાં આંદોલનોને પોતાની અંદર અનુભવો... તારી સાથે એકરૂપ બની રહો, અને પૃથ્વી ઉપર તારું પ્રાકટય રચો.



મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૩૬ વર્ષ : ૨૦

ઓગષ્ટ - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઓફીસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલીતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવીયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઓર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઓર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

- માન

માતાજીના સર્વાંગી સમર્પણભાવે તેમના દેહભાવને જીતી લીધો હતો. માનવમાત્ર પોતાને સ્વાભાવિક રીતે પોતાના દેહ સાથે એકરૂપ માને છે. અથવા એવું તો માને જ છે કે પોતે આ પોતાના શરીરમાં એક ચેતના રૂપે રહે છે.

ઉપર મુજબની બન્ને પ્રકારની માન્યતામાં દેહ વિના જીવન શક્ય જ નથી, એવી ધારણા બંધાએલી હોય છે અને તેથી દેહની મર્યાદાઓ ચેતનાની મર્યાદાઓ બની જાય છે. વિદ્યુત પ્રકાશ એમ સમજે કે પોતે બલ્બ વિના પ્રગટ થઈ જ ન શકે તો સ્વાભાવિક રીતે તે બલ્બની મર્યાદાઓ તેના પ્રગટીકરણના પ્રયત્ન ઉપર પડશે જ. પંદર વોલ્ટનો બલ્બ, પંદર વોલ્ટ જેટલો જ પ્રકાશ કરી શકશે અને ચાલીસ વોલ્ટનો, ચાળીસ વોલ્ટ જેટલો જ.

આવી રીતે માનવ જ્યારે શરીરની મર્યાદાઓને પોતાની ચેતનાની મર્યાદાઓ ગણવાનો ભ્રમ સેવતો થાય છે ત્યારે તેને ‘દેહાધ્યાસ’ કહે છે. ‘અધ્યાસ’ એટલે ભ્રમ અથવા ભ્રાંતિ. પોતે શરીર જ છે એવી ભ્રાંતિ તે સેવતો થાય છે અને તેને એ વસ્તુ સ્વાભાવિક લાગે છે. આને જ દેહભાવ કહે છે.

પણ જ્યારે આ દેહભાવ નષ્ટ થવા લાગે છે કે તરત આત્મા અથવા ચેતના પોતાના અસ્સલ સ્વરૂપમાં કોઈપણ મર્યાદા વગર પ્રગટ થવા લાગે છે.

માતાજીની સાધનાનો આવો તબક્કો શરૂ થયો છે. માતાજીને પોતાની ચેતના અસીમ નિરાકાર પ્રકાશમય સ્વરૂપની અનુભવાય છે અને માતાજી તેને પ્રભુ સ્વરૂપ સમજે છે.

માતાજીને તે આત્મ-પ્રકાશને જગતની દરેક વસ્તુમાત્રમાં અનુભવવો છે. સાધક પ્રથમ પોતામાં આ રીતે અનુભવે છે. પછી અન્યોમાં પણ જોતો થાય છે.

આવો સમગ્ર જગતમાં ફેલાએલો અને વસ્તુમાત્રમાં ઓતપ્રોત રહેલ આત્મ-પ્રકાશનાં દર્શન એ કાંઈ ભ્રમ કે ભ્રાંતિ હોતી નથી. પણ તે એક વાસ્તવિક નક્કર અનુભૂતિ સ્વરૂપ હોય છે. આ દેખાવાનું અને અનુભવવાનું કારણ નીચે મુજબનું હોય છે.

સાધનાથી સાધકની ઈન્દ્રીયો વધારેને વધારે પોતાનાં શૂક્ષ્મ પાસાઓ બાબત સભાન બનતી જાય છે. જેમ ઈન્દ્રીય વધારે શૂક્ષ્મ તેમ તેના દર્શનો પણ શૂક્ષ્મ વસ્તુઓને આવરી લે છે. સામાન્ય માનવ તો પોતાની ઈન્દ્રીયોનાં ભૌતિક-સ્તર



બાબત જ સભાન હોય છે. આ ભૌતિક ઈન્દ્રીયો તો શૂક્ષ્મ ઈન્દ્રીયોનું એક ભૌતિક સાધન માત્ર છે એ સત્ય તેઓ જાણતા હોતા નથી. તેથી તેવો ભ્રમ સેવે છે.

પણ સાધનાની ઉચ્ચ અવસ્થામાં ઈન્દ્રીયોના વધારે સૂક્ષ્મ કાર્યો અને અમર્યાદ ક્ષમતાઓ બાબત સાધક સભાન બનતો જાય છે. સાધનાની એક કક્ષાએ તો ઈન્દ્રીયો ઈન્દ્રીયો વચ્ચેનો ભેદ પણ નષ્ટ થઈ જાય છે અને તેઓ એકરૂપ બની જાય છે. તેથી પણ ઉચ્ચ કક્ષાએ ઈન્દ્રીયોની જરૂર જ રહેતી નથી. પ્રજ્ઞાશક્તિ તાદાત્મ્યભાવ દ્વારા જ જ્ઞાન મેળવી લે છે. પ્રજ્ઞા દ્વારા જ આત્મદર્શન થાય છે.

માતાજીની આવી પ્રજ્ઞા જાગૃત થવાથી માતાજી આત્મપ્રભાને સર્વત્ર ફેલાએલી અને બધામાં જ ઓતપ્રોત અનુભવી રહ્યાં છે.

આવી આત્મસ્થ ચેતનામાં મન અને હૃદયમાંના બધા જ વિકારો ખરી પડતાં હોય છે અને ચિત્ત એક પ્રકારની સમતામાં, શાંતિમાં રહેતા શિખે છે. બધા સાથે એકરૂપ બની સંવાદમય સ્થિતિમાં રહેવા લાગે છે. માતાજી આને જ દિવ્ય-પ્રેમના આંદોલનો સ્વરૂપે ગણે છે. તેથી માતાજી જણાવે છે કે આત્મ-દૃષ્ટિ ખીલીને બધા જ વિકારો શમી જાય અને બધા સમગ્ર વિશ્વ સાથે એકરૂપતામાં રહેતા અને જીવતા શિખે.

આવી એકરૂપતામાં જ પ્રભુની દિવ્ય-ચેતના પ્રગટ થવાની શક્યતા માતાજી નિહાળી રહ્યાં છે. તેથી માતાજી જણાવે છે કે પ્રભુ તું ભૌતિક સ્તરે વાસ્તવિક બની રહે. આવી જ પ્રાર્થના વેદોમાં પણ જોવા મળે છે. આ ચેતનાનાં પ્રકાશસ્વરૂપ પાસાને તેઓ સત્ય કહે છે. ચેતનાનાં શાંતિ, આનંદ, એવા પણ અન્ય પાસાં છે. તે પણ ‘સત્ય’ જ છે. તેથી વેદો પ્રાર્થના કરે છે કે હે સત્ય તું નીચે ભૌતિક-કક્ષાએ પણ આવિર્ભાવ પામ. આ પ્રાર્થના એક દિવ્ય-અભીપ્સાનું સ્વરૂપ છે. આપણે રોજ આવી અભીપ્સા સેવતા થઈએ. પ્રભુ સ્વરૂપ જ બની આપણે સહુ આ ભૂમી ઉપર વિચરીએ એ તો આપણા પરમ - પિતાની ઈચ્છા છે અને આપણું કર્તવ્ય પણ છે અને જન્મસિદ્ધ હક્ક પણ છે.


**SPONSORESHIP**

"This issue is sponsered by RAVINDRA & TARALIKA PATEL of U.S.A. in gratitude to late Shri Bhupendrabhai Trivedi, who enlightened us with the spirituality of Shri Aurobindo and The

# સનાતન ધર્મઃ શ્રી અરવિંદની સમજણ

(શ્રી અરવિંદનાં આવિર્ભાવ દિન નિમિત્તે) - માન

શ્રી અરવિંદને એડવોકેટ ચિત્તરંજનદાસના મહત્ પ્રયત્નથી અલિપોર-બોંબ-પ્રકરણના ષડયંત્રી તરીકેના આરોપોમાંથી મુક્ત જાહેર કરવામાં આવ્યા. અને તેમણે તા.૩૦મે ૧૯૦૯ના રોજ ઉત્તરપાડા પ્રવચનમાં પોતાનામાં થએલાં ક્રાંતિકારક બદલો જાહેર કર્યા. હવે પછી પોતે યોગમાર્ગ તરફ વળી ગયાં છે એમ જણાવ્યું અને આ આશ્ચર્ય-જનક ફેરફારના મૂળ-કારણ તરીકે શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર અને તેમના આદેશને જણાવ્યો. શ્રી કૃષ્ણે તેમને જણાવેલું કે -

''તને જેના વિષે શંકા હતી તે હિન્દુધર્મનું રહસ્ય મેં તને સમજાવ્યું છે. જગતની ખાતર હું એ ધર્મનો ઉદ્ધાર કરી રહ્યો છું. ઋષિમુનિઓ, સંતપુરૂષો અને અવતારો દ્વારા મેં આ ધર્મ વિકસાવ્યો છે અને પૂર્ણ બનાવ્યો છે અને હવે એ ધર્મ જગતમાં મારું કાર્ય સાધવાને પ્રસ્થાન કરી રહ્યો છે. મારો સંદેશ જગાડવા હું પ્રજાને જગાડી રહ્યો છું. સનાતન ધર્મ તે આ છે. ભારતની પ્રજાનું જે ઉત્થાન થવા માડંયું છે તે સનાતન ધર્મને અર્થે છે; જગતને અર્થે છે. નહિં કે માત્ર પોતાને અર્થે.''

ભગવાન શ્રી કૃષ્ણનો આ ઉપદેશ શ્રી અરવિંદના જીવનમાં કેવી રીતે ક્રમશઃ પ્રગટ થતો ગયો તે જાણવું અને સમજવું મહત્વનું છે.

આપણે પ્રથમ આ ઉપદેશનું મર્મ જાણી લઈએ. જે માટે તેના એક એક શબ્દને, વાક્યને સમજવાનો સંક્ષેપમાં પ્રયત્ન કરશું.

**(૧) તને જેના વિષે શંકા હતી. તે હિન્દુધર્મનું રહસ્ય મેં તને સમજાવ્યું છે.**

આ માટે શ્રી કૃષ્ણે શ્રી અરવિંદના હાથમાં ગીતા મુકી અને તેમને તેનો અભ્યાસ કરવા પ્રેર્યા. જ્યાં તેમને સમજવામાં ગુંચો જણાઈ તે આંતર-પ્રેરણાઓથી સમજાવી તેમને ગીતાનો સાચો શુદ્ધ, સળંગ આધ્યાત્મિક અર્થ સમજાવ્યો. આને કારણે શ્રી અરવિંદને પ્રવર્તમાન હિંદુધર્મ અને તેનું સાચું આધ્યાત્મિક સ્વરૂપ એ વચ્ચેનો તફાવત સ્પષ્ટ થયો. ભારતીય પ્રણાલિમાં સનાતન ધર્મ અને ધર્મમાં તફાવત પાડવામાં આવે છે. ધર્મનું આધ્યાત્મિક રહસ્ય એ તેનું સનાતન સ્વરૂપ હોય છે તેથી તેને સનાતન ધર્મ કહે છે.



સમાજમાં પ્રચલિત ધર્મ એ તો લોકોએ તે સનાતન ધર્મ બાબત કેળવેલી પોતાની સમજુતિ અને સમાજની જરૂરિયાતને ધ્યાનમાં લઈ વિકસાવેલી ધાર્મિક-સામાજીક જીવન પદ્ધતિ હોય છે. તે એક અપૂર્ણ અને વિકૃત-પ્રતિબિંબ જ હોય છે. તેથી સંતો 'સનાતન-ધર્મ કી જય' બોલાવે છે. ધર્મ કી જય નહિં. પ્રચલિત-ધર્મ જોઈને શું આ જ હિન્દુ-ધર્મ છે એવી શ્રી અરવિંદની શંકાનું નિવારણ આ રીતે થયું.

**(૨) આના આધારે જગતની ખાતર એ ધર્મનો હું ઉદ્ધાર કરી રહ્યો છું.**

હિન્દુ-શબ્દ વંશ વાચક નથી પણ પ્રદેશ વાચક છે. સિંધુ સતલજ, રાવી, વગૈરે પાંચ નદીઓના પ્રદેશને વેદકાળમાં 'પંચ-આપ' પ્રદેશ કહેતાં 'આપ' એટલે જળ. તેમાં સિંધુ સહુથી મોટી નદી હોવાથી મોટી નદીને સિંધુ કહેવાની પ્રથા શરૂ થઈ. પંજાબની પૂર્વ તરફના ભાગમાં ગંગા અને બ્રહ્મપુત્રા આ બે મોટી નદીઓનો પ્રદેશ પણ આર્યોએ ખેડયો. આમ આ સમગ્ર પ્રદેશને 'સપ્ત-સિંધવઃ' નામ પડયું પાછળથી 'સિંધુ' શબ્દના અપભ્રંશ તરીકે 'હિન્દુ' શબ્દ આવ્યો છે.

સારાંશ હિન્દુ એ જાતિ વંશ વાચક શબ્દ નથી. પણ આર્ય સંસ્કૃતિ વાચક શબ્દ છે. તેથી જ શ્રી અરવિંદે પોતાના માસિકને 'આર્ય' નામ આપેલું પણ પાછળથી હિન્દુ આ વંશ કે જાતિ માટે વપરાતો શબ્દ બની ગયો હતો. આ સત્ય શ્રી અરવિંદને સમજાયું.

શ્રી અરવિંદને યુરોપિયન-શિક્ષણના પ્રભાવ હેઠળ જે ગેરસમજ પોતાને હતી, તે અન્યમાં ન રહે તે માટે અનુભવના આધારે ધીમે ધીમે ધર્મ, સનાતન-ધર્મ, આ શબ્દોનો વપરાશ તેમણે ઓછો કરવા માંડયો અને આધ્યાત્મિક - સત્યો માટે, વેદોમાં જે સાચા અર્થે શબ્દો વાપરેલાં તેને માટે પર્યાયી માનસશાસ્ત્રીય શબ્દો વાપરવાની કાળજી લેવી શરૂ કરી. કારણ 'અધ્યાત્મ' એ કોઈ વંશ કે પ્રદેશની સંપત્તિ નથી. તે વૈશ્વિક-ઉત્ક્રાંતિનું ચાલક-બળ છે. તેથી તેને બધી જ વંશીય, પ્રાદેશીક, માનવીય મર્યાદાઓથી મુક્ત રાખવું તેમને જરૂરી જણાયું. જગતની ખાતર તેને ફરી શુદ્ધ સ્વરૂપે પ્રગટ કરવાની તેમને પણ જરૂર જણાઈ. આના આધારે દિવ્ય-જીવન લખાયું. દિવ્ય-જીવન એ મૂળતઃ ઈશોપનિષદનું ભાષ્ય છે.

**(૩) ઋષિમુનિઓ, સંતપુરૂષો અને અવતારો દ્વારા મેં આ ધર્મને**

**વિકસાવ્યો છે અને પૂર્ણ બનાવ્યો છે.**

તે સમજવા માટે જ શ્રી અરવિંદે વેદો, ઉપનિષદોનો અભ્યાસ શરૂ કર્યો. અને તેમાં તેમને માનવ-વંશની ચેતનામાં વિકાસનાં વિવિધ સોપાનો જણાયાં. તેના આધારે જ માનવ-યુગચક્ર જેવા ગ્રંથો લખવા તેઓ પ્રેરાયા. અવતાર-વિશેનાં તેમનાં ક્રાંતિકારક વિચારોની ઝલક આપણે મેળવી શક્યાં. અગ્નિ-સૂક્તનું ભાષાંતર અને 'વેદ-રહસ્ય' અને ઉપનિષદો પરના લેખો તેની જ ફળશ્રુતિ છે. બીજું શ્રી અરવિંદે પોતાને ભારતીય-પરંપરાથી તદ્દન અળગા કોઈ વખત માન્યાં જ નથી એ આ વાત ઉપરથી સ્પષ્ટ થાય છે. તેઓ જ્યારે કહે છે કે હું તો તેમના ખભે બેસેલ બાળક છું. તેથી વધારે જોઈ શકું છું એ તેમની કૃતજ્ઞતાનું જ નમ્ર પ્રગટીકરણ છે. અધ્યાત્મ-વિદ્યાને વધારે વિકસીત કરી શુદ્ધ વૈજ્ઞાનિક ઢબે જગત સામે મુકવાનો તેમનો પ્રયત્ન હતો. તેમાં તેમનું મૌલિક પ્રદાન પણ નિશ્ચિત હતું.

**(૪) અને હવે એ ધર્મ જગતમાં મારું કાર્ય સાધવાને પ્રસ્થાન કરી રહ્યો છું.**

એ સનાતન-ધર્મને 'જગતની ઉત્ક્રાંતિ કરવા માટે (ભારતની જ નહિં) હવે કાર્ય કરવાનું છે. સમગ્ર માનવ-ચેતનાનું ઉત્થાન કરવાનું છે. આ ઉત્થાન પ્રભુનું કાર્ય સાધવાથી થશે. પ્રભુને અનંતરૂપે ભૌતિક સ્તરે પ્રગટ થવું છે. અને દરેક રૂપને વળી પૂર્ણતા બક્ષવી છે. આ પ્રભુનો આદિ-સંકલ્પ છે. તેને ભૌતિક-સ્તરે પ્રગટ કરવો એ જ પ્રભુનું કાર્ય છે અને તેના પરિણામ સ્વરૂપ ઉત્ક્રાંતિ થઈ નવું અતિમનસ જગત આર્વિભાવ પામશે એવું તેમનું કહેવું છે. આના આધારે શ્રી અરવિંદે 'સાવિત્રી-કાવ્ય' લખ્યું છે. સાવિત્રી આ શબ્દ સૂર્યની સર્જક-શક્તિ છે અને સૂર્ય જેને 'આદિત્ય' પણ કહે છે તે આદ્યાશક્તિ અદિતિનું ભૌતિક, પ્રાણમય મનોમય સ્તરનું આવિર્ભાવ કેન્દ્ર છે. અદિતિ પ્રભુની જ અતિમનસ શક્તિ છે. અદિતિ આ વૈદિક નામ છે. સાવિત્રી-મહાકાવ્યમાં આ દિવ્ય-સર્જન-શક્તિ માનવ જીવનનું ત્રિવિધ રૂપાંતર કેવી રીતે કરે છે તેનું પાત્રોદ્વારા વર્ણન છે.

**(૫) મારો સંદેશ જગાડવા હું પ્રજાને જગાડી રહ્યો છું.**

આ સર્વ-શ્રેષ્ઠ અધ્યાત્મને પચાવવા સ્વતંત્ર રીતે વિકાસ કરતી પ્રજાની જરૂર છે. તે માટે બધા દેશોને સ્વતંત્ર કરી ત્યાં શૈક્ષિણક રાજકીય, આર્થિક સામાજીક, ધાર્મિક ક્રાંતિઓ કરીને બધા દેશોની પ્રજાને પ્રભુ પોતે જ પેલુ અધ્યાત્મ-પચાવવા અનુરૂપ રીતે ઘડી રહ્યો છે. જન-જાગૃતિ તેનું મહત્વનું



લક્ષણ છે.

આના આધારે 'માનવ-એકતા' લખાયું છે.

**(૬) ભારતની પ્રજાનું જે ઉત્થાન થવા માંડયું છે તે સનાતન ધર્મને અર્થે છે, જગતના અર્થે છે; નહિ કે માત્ર પોતાના અર્થે.**

વિકાસની પ્રક્રિયામાં પ્રથમ માનવમાંનું વિકસિત તત્વ અગ્રેસર થાય છે અને અન્ય અવિકસિત તત્વો તેને અનુસરે છે. માનવ-વંશમાં વિવિધ કારણોસર ભારત આધ્યાત્મિક વિકાસનું મુખ્ય કેન્દ્ર બની ચૂક્યું છે તે બાબતને લીધે માનવ વિકાસમાં તેને પ્રાધાન્ય મળે એ નૈસર્ગિક છે. પણ ભારતે અન્ય વિકાસના ક્ષેત્રમાં અન્ય રાષ્ટ્રોને ગુરૂપદે સ્થાપવા પડશે. એ પણ એક વાસ્તવિકતા છે.

ભારતીય-પ્રજાને અનાયાસે મળેલું સ્વાતંત્ર્ય, તેમાં સ્થિર થએલી લોકશાહી, માનવ જીવનમાંના બધા જ દુષણોનો ભારતમાં દેખાતો જબરજસ્ત પ્રકોપ (જે અજાણતા ભારતીયોને આધ્યાત્મિક-જીવનની તૃષા વધારવા તરફ ધકેલી રહ્યો છે.) અને અંતે નિધર્મિતાનો પ્રભાવ આ બધું જ ભાવિ ઘટનાઓને ભારતની તરફેણમાં લઈ જશે. અને ભારતને પોતાની દિવ્ય-ફરજ બજાવવા સક્ષમ કરશે. ભારતની ઉન્નતિ દ્વારા જગતની ઉન્નતિનો માર્ગ આગળ વધશે એવી નિયતિ છે.

એકંદરે શ્રીકૃષ્ણ પોતાનું ધર્મની ગ્લાનિ હઠાવવાનું વચન પુરૂ કરવા કટી-બદ્ધ છે. ભારતની અસ્મિતા વધારવા જ શ્રી અરવિંદે 'ભારતીય સંસ્કૃતિનાં પાયા' લખ્યું છે. તે ભારતીયોને સાચા ભારતની પહેચાન કરાવશે. વેદ-રહસ્ય પણ તે જ કામ કરી રહ્યું છે.

**(૬) આ સનાતન-ધર્મ છે.**

સનાતન-ધર્મ એટલે 'ચેતનાના વિકાસની અધ્યાત્મ-વિદ્યા' આજ સનાતન-ધર્મ છે. ચેતનાનો વિકાસ કરવો એ સ્વભાવ-ધર્મ છે. અહિં આપણે ચેતનાના વિકાસ માટે જ આવ્યા છીએ. આ રીતે જે શ્રી અરવિંદ સમજ્યાં તે આપણે પણ હવે સમજવાની જરૂર છે.

સારાંશ આજના પ્રચલિત, કર્મકાંડ, અંધશ્રદ્ધા અને વિકૃત અધ્યાત્મવાદથી ભરપૂર એવો આજનો હિન્દુધર્મએ સનાતન-ધર્મ નથી. સનાતન-ધર્મ એ સમગ્ર-માનવજાતનો ધર્મ છે. તે શુદ્ધ અધ્યાત્મ સ્વરૂપ છે. તેમાં ગૂઢ વિદ્યાનાં

(પાના ૧૨ ઉપર)

# ભવાની ભારતી : એક દર્શન

(શ્રી અરવિંદના આવિર્ભાવ-દિન નિમિત્તે)

-માન

૧૯૦૪ થી ૧૯૦૮ દરમિયાન લખાયેલા આ સંસ્કૃત કાવ્યની નોટબુક ૧૯૦૮નાં મે મહિનામાં અલિપૂર બોંબ-પ્રકરણ નિમિત્તે પુરાવા તરીકે જપ્ત થએલી. આ કાવ્ય શિર્ષક વિહોણું હતું. તેથી જ્યારે આ નોટબુક આશ્રમને પાછી આપવામાં આવી ત્યારે આર્કાઈવ્ઝના તંત્રીએ તેને ભવાની-ભારતી શિર્ષક આપ્યું.

શ્રી અરવિંદ વડોદરા આવી સ્થિર થયાં, તેમનાં લગ્ન થયાં. કવિતાઓ કરવાનો જુનો શોખ ઉભરાઈ ને બહાર આવતો હતો અને તત્કાલિન યુરોપીયન રોમેંટીક કાવ્યો લખવાની પ્રણાલિ નીચે રસિક કાવ્યો લખી એક enlightened Intellectual નું સુસંસ્કૃત જીવન જીવી રહ્યાં હતાં.

ઈંગ્લેંડમાંજ ક્રાંતિકારકોના સંગતને કારણે તેમનો ભારત રાષ્ટ્ર વિષેનો પ્રેમ અંગ્રેજોના પાશવી અત્યાચારોને જોઈને જ્વાલામુખીની જેમ જાગૃત થયો. આ ભારતની દિવ્ય ભૂમી જેણે સનાતન-ધર્મના સનાતન સિદ્ધાંતો વેદોની આગમ પ્રણાલિમાં ધારણ કરી રાખ્યાં છે, તેનું સ્વાભિમાન લાવા રસની જેમ પૂર જોશમાં વહેવા લાગ્યું. શ્રી અરવિંદના નીચેના કાવ્યોદ્‌ગાર તેની સાક્ષી પુરે છે.

(૧) નિશાચર : શોણિતમાર્યમાર્યમાતુઃ... પિબન્વિન... (૪૩) આર્યમાતા ભારતમાતાનું લોહી પિનાર પેલા નિશાચરોને

(૨) સનાતનાત્યાહ્ય ભારતનામ્ (૩૧)

ભારતનાં પુરાતન પ્રજાની કુળ પરંપરાને આવ્હાન કર

(૩) સ્વાધીનવૃત્તીનિ પુનશ્ચન્તિ પશ્યામિ તાન્યાગમમાર્ગ-ગાણિ (૯૨) પ્રજાને ફરી પાછી સ્વતંત્ર બની તેમને આગમ-માર્ગે (વેદમાર્ગે) જતા હું જોઉં છું.

(૪) સનાતનાન્ રક્ષતિ ધર્મમાર્ગાન (૯૪)

આર્યોને ફરી સનાતન ધર્મનું રક્ષણ કરતાં હું જોઈ રહ્યો છું.

(૫) પુનઃ શ્રુણોમીમરણ્યભૂર્મો વેદસ્ય ઘોષં... (૯૩)

હું ફરી અરણ્યોનાં આશ્રમોમાં વેદઘોષ સાંભળી રહ્યો છું.

સારાંશ શ્રી અરવિંદ તે વખતના સુબુદ્ધ બૌદ્ધિકોની જેમ આર્ય-સંસ્કૃતિનાં ચાહક હતાં અને તે ફરી સ્થાપિત થશે. એવી આશા રાખતા હતાં.



શ્રી અરવિંદે પોતાના માસિકને ' આર્ય' નામ આપ્યું તે પણ સૂચક છે.

આર્ય-વંશનો અભિમાની તો હિટલર-પણ હતો. તે જર્મનોને શુદ્ધ-આર્ય વંશના ગણતો હતો જ્યારે તત્કાલીન સુબુદ્ધો આર્ય-સંસ્કૃતિમાં રહેલ અધ્યાત્મ-વિદ્યાના ચાહક હતાં. આર્ય-વંશ તો તેનો એક વાહક વંશ માત્ર હતો. એમ માનતા હતા.

પોતે બંગાલી હોવાથી નાનપણથી કાલીપૂજાના સંસ્કારોને કારણે કાલિ-સ્વરૂપે પ્રગટ થઈને ભારતમાતા તેમની નિર્ભત્સના કરે છે. આમ પણ લોક જાગરણ માટે ધક્કો આપી. ભારતીય-પ્રજાને જગાડનાર તો મહાકાળી તત્વજ હોઈ શકે છે. જુઓ.

પશ્ચાત્ પુરસ્તાચ્ચ જગર્જ કાલી (૪૪)

પ્રજાને જગાડવા, તેમનું રક્ષણ કરવા અંગ્રેજોની આગળ પાછળ મહાકાળીનું અટ્ટાટ્ટ હાસ્ય સંભળાવા લાગ્યું ક્રાંતિકારકો દ્વારા આ મહાકાળી-તત્વ ગર્જના કરતું હતું.

આ ભારતીય પ્રજાના - જાગરણમાં તેમનું ગુપ્ત રીતે રક્ષણ કરતાં હિમાલયનાં ધ્યાન-મગ્ન યોગીઓએ પોતાના શક્તિપ્રવાહો મોકલી આનંદવ્યક્ત કર્યો.

સમાધિ ધીરા.... યે યોગિનો ભારતગોપ્તૃરૂપાસ્તે તુષ્ટવુઃ (૫૨)

આ મહાકાળી, જ્ઞાનની પણ દેવતા છે. તે અધ્યાત્મજ્ઞાનને આર્ય-પ્રજામાં ફરી સ્થાપિત કરવા સમજણરૂપી પ્રકાશ સ્વરૂપે અવતીર્ણ થઈ. આર્ય-પ્રજાના અને આ દેવપ્રીય ભારતના શત્રુઓનો નાશ કરવા ધેનુનું સ્વરૂપ લીધું, ધેનુ એ મૂળ સમજણ-શક્તિ સ્વરૂપ પ્રજ્ઞાનું પ્રતીક છે. દેવપ્રીયા ભારતભૂમિરાર્યા ધેનુસ્વરૂપેણ વિહન્તિ શત્રૂન્ (૬૧)

ભારતીયોમાં ફક્ત ભારતીય-સંસ્કૃતિની આધ્યાત્મિક-પરંપરાની સમજણ જ ચેતના પુરશે એ શ્રી અરવિંદે બરાબર જાણી લીધું હતું.

આ મહાકાળી સ્વરૂપ એ મા ભવાનીનું જ રૂપ હતું. એવું શ્રી અરવિંદ ૭૮માં શ્લોકમાં જણાવે છે - ભવાન્યાઃ (૭૮)

અંગ્રેજોનો પરાભવ થઈ જતાં મહાકાળીનું રૂદ્ર સ્વરૂપ લોપ પામે છે. શ્રી અરવિંદ પુછે છે હે કરાલી કાલી હવે તું ક્યાં ગઈ?

કવ સા કરાલી (૮૫)

અને તેની જગ્યાએ ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મ પરંપરાની સાચી

સમજણ આપતી શ્વેતવસ્ત્રા મહાસરસ્વતિ દેખાવા માંડે છે.

શુક્લાંબરાં યૌવનશુભ્રકાંતિં... (૮૪)

ભારતીયો જ્યારે પોતાની આધ્યાત્મિક પરંપરાને ઉત્કટ પ્રેમ કરશે. ત્યારે આ સરસ્વતિ પ્રેમાકુળ રાધા બની જશે.

પ્રેમાકુલામેન નમામિ રાધે (૮૭)

અને જ્યારે તે આધ્યાત્મિક - પરંપરા મુજબ સાધના દ્વારા નૂતન સર્જન શક્તિ પ્રગટ થશે ત્યારે તે રાધા 'સાવિત્રી' બની જશે.

ત્વામંબ સાવિત્રી શુભે ત્રિનેત્રે... (૮૯)

અને જ્યારે સમગ્ર ભારત આ ઉપાસના તરફ વળશે ત્યારે, ભારત એ અન્ય દેશોનું તીર્થ-ધામ સ્વરૂપ બની જશે.

તીર્થસ્વરૂપેણ ચ પૂજયંતિ - (૯૬)

હે મા સાવિત્રી, તું આર્યભૂમિ ઉપર ચિરકાળ સુધી વાસ્તવ્ય કરતી રહે તેમાં જ જગતનું હિત છે મા તિષ્ઠ પ્રસન્ના ચિરમાર્યભૂમૌ મહાપ્રતાપે જગતો હિતાય (૯૯)

ઉત્ક્રાંતિમાં રહેલી સર્જન શક્તિ એ જ સાવિત્રી છે. તે જ ભવાની છે કારણ તે જ અવનવા રૂપો અને યોનિઓનાં રૂપો ધારણ કરે છે. તે પ્રકાશ સ્વરૂપ પણ છે.

પ્રભુનું કાર્ય કરવા સભાનરીતે એકાગ્ર થએલી રત બનેલી સભાન ચેતના એ જ 'ભારતી' છે. ભા રતિ એટલે પ્રકાશમાં જ રત બનેલી, સ્થિર બનેલી ચેતના અતિમનસ ચેતના

ભવાની ભારતીમાં કાલિ, સરસ્વતી, રાધા અને સાવિત્રીના સ્વરૂપો દ્વારા કાર્ય કરતી મા ભવાની દર્શાવ્યા છે જે ભારત દેશના સ્વરૂપને નવો ઘાટ, નવું સ્વરૂપ આપી રહ્યાં છે. તેમાં ભારતની ભાવિ ગતિનાં સંકેતો જોવા મળે છે.

આ અભિવ્યક્તિ પરંપરાગત પ્રતીકો દ્વારા કરવામાં આવી છે. પણ તેથી કાંઈ તેની સત્યતા કે મહત્તા ઘટતી નથી. આ જ દર્શન પાછળથી દિવ્ય-જીવન તરીકે અને ભારતના ભાવિ તરીકે પ્રગટ થએલ છે. તમસની તંદ્રામાં પડેલા ભારતીયોને આઘાત કરી, દબાણ લાવી, મહાકાળી-શક્તિ જ જગાડીને કાર્યપ્રવૃત કરી શકે છે. તે પછી ભારતના ભવ્ય-આધ્યાત્મિક વારસાનું દર્શન મહાસરસ્વતિ-શક્તિ જ કરાવી શકે છે. સમગ્ર માનવ-વંશની તે ધરોહરને પ્રભુ પ્રત્યે પૂર્ણ સમર્પિત રાધા-શક્તિ જ પ્રેમથી વિતરીત કરીને અન્ય લોકોને પ્રભુ તરફ વાળી શકે છે. અને અંતે



માનવ-શરીરનું દિવ્ય-રૂપાંતર કરનારી સાવિત્રી-શક્તિ જ અતિમાનસ યોનિને ધરતી ઉપર વાસ્તવિક બનાવી શકે છે. આ ભારતની ભાવિ-ગતિનું અનેરું દર્શન છે.

ભારતે હાલમાં મહાસરસ્વતિના પ્રભાવ હેઠળ અન્યને સમજાવતા શીખવું પડશે અને રાધાના પ્રેમ હેઠળ ભારતીય આધ્યાત્મિક પરંપરાઓને પ્રેમ કરતા શીખવું પડશે. તો જ અતિમનસ જગતના આવિર્ભાવની ક્ષણને આપણે પાસે લાવી શકીશું.

મા ભવાની, તારી ભવન-ક્રિયાને વેગ આપ મા

પાદર્પિણેનૈવ તુ પાવનેન સર્વાર્યભૂમિર્જગતોડપિ કાશી (૯૭)

મા ભવાની આપના પુનિત ચરણકમળોના સ્પર્શથી આ સારીય આર્યભૂમિ જગતનું મુક્તિધામ કાશી બની રહો અને જગતના હિત માટે પ્રસન્ન થઈ

---

(પાના ૮ ઉપરથી - **સનાતન ધર્મ......**)

સત્યોની સાથે આધુનિક-વિજ્ઞાનનાં સત્યોનો પણ સમાવેશ થશે. જ્યારે અધ્યાત્મવિદ્યા, ગૂઢવિદ્યા અને વિજ્ઞાન એકમુખે જે વિશ્વવ્યાપિ મૂળભૂત સત્યની ઘોષણા કરશે, તે જ સાચો સનાતન-ધર્મ બની રહેશે. તેમાં આધ્યાત્મિક ક્ષેત્રે, અંતરિયાળ શૂક્ષ્મ અને ગૂઢ જગતોમાં તેમજ ભૌતિક કક્ષાએ પણ એક જ સત્ય નામરૂપ ધારણ કરીને આવિર્ભાવ પામી રહ્યું છે એની ખાત્રી થશે. આ જ સનાતન-ધર્મ છે.

આગળ જતાં, ચેતનાના વિકાસનું શાસ્ત્ર જેને સાયકોલોજી, સોશિઓલોજીની જેમ કોન્સોલોજી કે સ્પિચ્યુઓલોજી પણ કહે, તો તેમાં આપણે સહમત થવું પડશે. કારણ તેમાં પડેલો પ્રચલિત ધર્મોનો પડછાયો નાબુદ થયા વગર સાચું અધ્યાત્મ પ્રગટ નહિં થાય એવું લાગે છે. તે કદાચ higher studies of parapsychology તરીકે પણ વિકાસ પામે. તેના લખાણોમાં વૈદિક, ખ્રિશ્ચિયન, ઈસ્લામીક કે અન્ય ધાર્મિક શબ્દ પ્રયોગોનો બહિષ્કાર કરી નવાં શબ્દ પ્રયોગો આવશે. જે વધુ પડતા માનસ શાસ્ત્રીય હશે, વધારે વૈજ્ઞાનિક-ઢબનાં હશે. અધ્યાત્મનાં વૈશ્વિકરણ માટે, ગ્લોબલાઈઝેશન માટે તે જરૂરી પ્રક્રિયા બની રહેશે.

ભાવિ અકળ છે.

# શ્રી અરવિંદ : એક સ્વપ્ન દૃષ્ટા

(શ્રી અરવિંદના આવિર્ભાવ દિન નિમિત્તે)

- પ્રા. શરદભાઈ જોષી

શ્રી અરવિંદના ૭૫મા જન્મદિવસે ભારતને સ્વતંત્રતા મળી, ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭. તે દિવસ નિમિત્તે સ્વતંત્રભારતને એક સંદેશ આપવાની પ્રાર્થના શ્રી અરવિંદને કરવામાં આવી. શ્રી અરવિંદે તે દિવસ માટે જે સંદેશ આપ્યો તે ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં એક અનેરું સ્થાન ધરાવે છે. શ્રી અરવિંદે આ સંદેશમાં પોતાના ૭૫મા જન્મદિવસે જીવનદર્શન-કાર્યનો એક ભવ્ય ચિતાર આપ્યો છે. ૭૫ વર્ષના આયુષ્યની તપોવૃદ્ધ વયે વિશ્વના ભૂતકાળને વર્તમાન સાથે સાંકળી પોતાની ૪૦ વર્ષની તપસ્યા વડે જે ભાવિનું સર્જન તેમણે કર્યું હતું તે સર્વને એક ત્રિકાળ દૃષ્ટિમાં સાંકળી, પોતે સેવેલાં પાંચ સ્વપ્નોના માધ્યમ દ્વારા તે ભવ્ય ભાવિને ગૂઢ પણ સૂચક શબ્દદેહમાં કંડારી આપ્યું છે.

પ્રથમ આપણે આ સંદેશના મુખ્ય મુદ્દાઓનું વિહંગાવલોકન કરીએ અને પછી આ મુદ્દાઓને તેમના જીવનદર્શન-કાર્યના પરિપ્રેક્ષ્યમાં દ્રષ્ટિગોચર કરવાનો પ્રયત્ન કરીએ.

આ સંદેશના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે.

પ્રથમ શ્રી અરવિંદ નોંધ લે છે કે તેમના ૭૫ મા જન્મદિવસે આ સ્વતંત્રતા મળી છે તેના ગૂઢ રહસ્યાર્થો છે; પોતાના જીવનદર્શન-કાર્યને પરમ પ્રભુએ આપેલ સંમતિની મહોર છે.

ભારતની સ્વતંત્રતાનો દિવસ વિશ્વના ઈતિહાસમાં એક મહત્વનો દિવસ છે, કારણ કે રાષ્ટ્રોના સમૂહમાં એક નૂતન સ્વતંત્ર રાષ્ટ્રનો ઉદય થયો છે અને ભારત રાષ્ટ્રમાં અખૂટ ગૂઢ અપ્રગટ શક્તિઓ રહેલી છે. જેની ભેટ વિશ્વને આપવાને માટે ભારતનો ઉદય થઈ રહ્યો છે.

શ્રી અરવિંદ પોતાના જીવનકાળનાં શરૂઆતનાં વર્ષોમાં વિશ્વ માટે સેવેલાં સ્વપ્નોનું સ્મરણ કરે છે અને નોંધે છે કે આ સ્વપ્નો સ્વતંત્રતાના દિવસે કાં તો વિશ્વમાં ચરિતાર્થ થયાં છે અથવા ચરિતાર્થ થવાની દિશામાં અગ્રેસર છે.



ભારતની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું સ્વપ્ન પ્રથમ હતું જે આજના દિવસે સિદ્ધ થયું છે અને પ્રભુએ ૭૫મા જન્મદિવસની ભેટ બે સોગાદમાં-ભારત અને પાકિસ્તાનનાં બે રાષ્ટ્રના રૂપમાં આપી છે. આ વિશ્વની વિટંબણા છે અને આ ભાગલા ચાલુ રહેતાં ભારત શક્તિહીન બની જઈ શકે છે. આ ભાગલા જવા જોઈએ અને જશે જ.

બીજું સ્વપ્ન એશિયા ખંડના રાષ્ટ્રોના પુનરુત્થાનનું હતું. આ થઈ રહ્યું છે. એશિયાના મોટા ભાગના રાષ્ટ્રોમાં નવજાગૃતિ આવી છે; કંઈક કરવાનું બાકી રહે છે તે આજે, આવતી કાલે થઈને રહેશે.

તેમનું ત્રીજું સ્વપ્ન હતું માનવજાતિઓની એકતા દ્વારા વિશ્વઐક્યનું. આ એકતા પ્રથમ રાજકિય ક્ષેત્રે પ્રાપ્ત કરવી જોઈએ. રાષ્ટ્રોના સમવાયતંત્રની સ્થાપના આ માટેનો ઉત્તમ રસ્તો છે. લીગ ઑફ નેશન્સની સ્થાપના, યુ.એન.ઓ.ની સ્થાપના દ્વારા આ વિચાર આગળ વધી રહ્યો છે. વિનાશકારી પરિસ્થિતિનું નિર્માણ થાય તો એ વિનાશ પછી પણ વિશ્વ ઐક્યની ચરિતાર્થતા અવશ્યંભાવિ છે; ગતિની એ આવશ્યકતા છે. એકતાની એક નવીન ભાવના માનવજાતિનો કબજો લેશે.

ચોથું સ્વપ્ન હતું ભારતે વિશ્વને આપવાની ભેટ. આ ભેટ આધ્યાત્મિક જ્ઞાન અને સાધનાની ભેટ છે. ભારતનું આધ્યાત્મિક જ્ઞાન અને યોગ-સાધના વિશ્વમાં પ્રસરી રહ્યાં છે અને કાળાનુ ક્રમે વધુને વધુ પ્રજાઓ ભારતની આધ્યાત્મિક સાધના તરફ વળી રહી છે. અંતે માનવજાતિના ભાવિ વિકાસમાં આ આધ્યાત્મિક જ્ઞાન અને સાધનાએ ઘણો મહત્વનો ભાગ ભજવવાનો રહેશે.

શ્રી અરવિંદ પોતાના પાંચમા અને છેલ્લા સ્વપ્નનો અછડતો અને આડકતરો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરે છે; તે છે માનવચેતનાના સમૂળા રૂપાંતર દ્વારા માનવમાં અતિમાનવ ચેતનાનો પ્રાદુર્ભાવ અને અતિમાનવ-દેવમાનવ જાતિનું આગમન. આ કાર્યમાં ભારત અગ્રેસર થઈ માનવજાતિને દોરી શકે છે.

આ સમગ્ર સંદેશને ચેતનાની ઊંચી ભૂમિકાએથી એની સમગ્રતાના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો ઘણા નવીન અર્થાવિર્ભાવો મળી આવી શકે છે.

પ્રથમ પોતાના જીવનકાળ દરમિયાન માનવજાતિમાં - રાષ્ટ્રોમાં જે જે પરિવર્તનો થયાં - ભારતની સ્વતંત્રતા સહિત - તે તે પરિવર્તનો પોતે જોયેલાં હતાં, તે માટેનો સંકલ્પ કર્યો હતો અને સાધના દ્વારા તે માટે અથાગ પરિશ્રમ સેવ્યો હતો. વિશ્વ પ્રકૃતિની ગતિઓએ આ પરિશ્રમોને સફળતાને આરે લાવી મૂક્યા હતા,

૨૦મી સદીનાં આ પરિવર્તનોમાં શ્રી અરવિંદની અવતારી સંકલ્પશક્તિ અને સાધના - પરિશ્રમ કારણભૂત હતાં. માનવજાતિ અને વિશ્વમાં સિદ્ધ થયેલ પરિવર્તનોનું જીવંત-જાગ્રત સંકલ્પકેન્દ્ર શ્રી અરવિંદ હતા.

ભારતની સ્વતંત્રતા વિશ્વની ઘટનાઓમાં સૌથી અગત્યનું સ્થાન ધરાવે છે. તે ભાવિમાં આવનારાં પરિવર્તનોનું અગત્યનું કેન્દ્ર Turnning Point છે. વિશ્વમાં બની આવનાર ભાવિ ફેરફારોમાં ભારત અગત્યનો કેન્દ્રસ્થ ભાગ ભજવવાનો છે. આ ગૂઢ છતાં બાહ્ય દ્રષ્ટિએ સામાન્ય જણાતી ઘટનાનો દિવસ શ્રી અરવિંદનો જન્મદિવસ છે. એ વસ્તુ પ્રતિકાત્મકરીતે એ વાતનું સૂચન કરે છે કે જે આવનાર પરિવર્તનો માટે શ્રી અરવિંદે સંકલ્પો કરી પુરુષાર્થ સેવ્યો તેની સફળતાસૂચક સંમતિની મહોર છાપ જગન્નિયંતા પરમપ્રભુએ આપી છે.

વિશ્વમાં આવનાર ભાવિ પરિવર્તનોમાં ભારત સહિત એશિયાનાં રાષ્ટ્રોએ જે મહત્વનો ભાગ ભજવવાનો છે તે માટે એશિયાના રાષ્ટ્રોનું પુનરુત્થાન, તેમની જાગૃતિ અતિ આવશ્યક છે. ભૂતકાળમાં એશિયાએ ધર્મ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનાં ક્ષેત્રોમાં વિશ્વનું માર્ગદર્શન કર્યું હતું, ફરીથી એ ક્ષેત્રોમાં આગામી ચિરંતન વિકાસમાં એશિયાના રાષ્ટ્રોની નવજાગૃતિ અને સર્વાંગિણ વિકાસ દ્વારા યોગદાન જરૂરી બની રહેશે.

શ્રી અરવિંદ આ સંદેશમાં જે વસ્તુ તદ્દન સ્પષ્ટ કરતાં અટકી જાય છે પરંતુ શબ્દો પાછળ જે આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ અને આધ્યાત્મિક યુગનું આગમન એ મુખ્ય છે. આ આધ્યાત્મિક વિકાસ માટે માનવજાતિની સમગ્ર શક્તિ આધ્યાત્મિક ક્ષેત્રે કેન્દ્રિત થયેલી હોવી જોઈએ. વિશ્વના આર્થિક, સામાજિક તેમજ રાજકિય પ્રશ્નોના સમાધાનમાં અત્યારે વપરાતી શક્તિ આધ્યાત્મિક ક્ષેત્રના વિકાસના વપરાશમાં વાળી શકાય તો જ આધ્યાત્મિક વિકાસ શક્ય બની શકે. આ માટે જરૂરી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે વિશ્વશાંતિ, વિશ્વએકતા એ અનિવાર્ય પ્રથમ પગલું છે.

વિશ્વશક્તિઓની ગતિની કૂચ શ્રી અરવિંદે નિહાળી છે, તેનો ભૂતકાળ તેમને આત્મસાત્ છે, વર્તમાનમાં આ વિશ્વશક્તિઓ શું નિષ્પન્ન કરી રહી છે તેનું યથાતથ્યજ્ઞાન તેમની પાસે છે; વિશ્વશક્તિઓની ગતિની આગામી કૂચ માનવજાતિને કઈ દિશામાં દોરી જઈ રહી છે, તેના પગલાં ક્યાં છે, તેનું વસ્તુલક્ષી યથાર્થ દર્શન તેમની પાસે છે; માનવસમૂહોનો, રાષ્ટ્રોનો ભાવિ વિકાસ જે રેખાને અનુસરશે તેનું સમગ્ર દર્શન શ્રી અરવિંદ કરી શકે છે. માટે જ એક



તારાજી, વિનાશની શક્યતા પછી પણ વિશ્વએકતાની સફળતાનું ભાવિદર્શન તેઓ નિઃસંકોચપણે વિશ્વાસપૂર્વક કરી શકે છે જેનું દર્શન આપણને તેમના આ શબ્દોમાં પ્રતિત થાય છે; ''એકતાની એક નવીન ભાવના વ્યાપકરીતે માનવજાતિનો કબજો લેશે.''

એવી જ રીતે એમના ચોથા સ્વપ્નમાં ભારતની આધ્યાત્મિતાનાં જ્ઞાન અને સાધનાની ભેટ વિશ્વને આપવાની વાત છે; આ વસ્તુ વિશ્વના ભાવિ વિકાસનું એક અતિ મહત્વનું અંગ છે. અલીપુર જેલમાં શ્રીકૃષ્ણ વાસુદેવે શ્રી અરવિંદને કહ્યું હતું; ''હું ભારતનું પુનરુત્થાન કરી રહ્યો છું... ભારતનું પુનરુત્થાન એ સનાતન ધર્મનું પુનરુત્થાન છે... આ દ્વિપકલ્પમાં યુગોથી મેં તેને વિકસાવ્યો છે અને હવે ભારતના પુનરુત્થાન દ્વારા તે વિશ્વમાં પોતાનું યોગદાન આપવા માટે તૈયાર કરી રહ્યો છે.'' શ્રી અરવિંદને એ વિદિત છે કે સ્વામી વિવેકાનંદની શિકાગોની ધર્મપરિષદમાં હાજરી પાછળ શ્રી રામકૃષ્ણ પરમહંસની પ્રેરણા અને આદેશ હતાં. સ્વામી વિવેકાનંદના અમેરિકા અને યુરોપમાં વેદાંતના સફળ પ્રચાર પાછળ વિશ્વશક્તિઓનો દૈવી સંકલ્પ કામ કરી રહ્યો હતો. શ્રી માતાજી - દિવ્ય મા ભગવતી - નો અવતારી જન્મ વિશ્વની બૌદ્ધિક સંસ્કૃતિના કેન્દ્રસમા, ફ્રાન્સના પેરિસ શહેરમાં થયો હતો અને શ્રી અરવિંદનો અવતારી જન્મ વિશ્વના આત્મગુરુ એવા ભારતમાં થયો હતો. અને દિવ્ય મા ભગવતી ફ્રાન્સમાં ઊછરી ભારતમાં શ્રી અરવિંદની સાથે કાર્ય કરવા આવ્યા હતા. પશ્ચિમની બૌદ્ધિક સંસ્કૃતિના પ્રતિનિધિ - રૂપ પાર્વતી - ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિના પ્રતિનિધિ - આત્મસ્વરૂપ શિવ- સાથે દિવ્ય કાર્યમાં સહયોગ કરવા માટે આવ્યાં હતાં. બ્રાહ્મોસમાજના નેતાઓ અને વિવેકાનંદના યુરોપિયન શિષ્યોએ શ્રી રામકૃષ્ણને શરણે આવી તેમને પ્રણામ કર્યા ત્યારે પશ્ચિમની બુદ્ધિ અને તર્કપ્રધાન સંસ્કૃતિ જ બાહ્ય રીતે અભણ - એવા શ્રી રામકૃષ્ણને શરણે આવી હતી. શ્રી અરવિંદના ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના રાષ્ટ્ર માટે આપેલ સંદેશના ચોથા સ્વપ્નના ટૂંકા વાક્યોની પશ્ચાદ્‌ભૂમિમાં શ્રી અરવિંદનું આ ભવ્ય-અદ્‌ભુત દર્શન શક્તિસભર રીતે જીવંત છે.

શ્રી અરવિંદનું છેલ્લું અને પાંચમું સ્વપ્ન અછડતી અને આડકતરી રીતે પણ સ્પષ્ટ રીતે એ વસ્તુ નિર્દેશ કરે છે કે માનવ જાતિએ પોતાના વિકાસના આગામી પગથિયા તરીકે માનવમાંથી અતિમાનવતાના પ્રાદુર્ભાવનો વિકાસ સાધવાનો છે. ''બીજાં ક્ષેત્રો કરતાં આ ક્ષેત્રમાં ઘણી જ વિકટ મુશ્કેલીઓ રહેલી છે. પણ મુશ્કેલીઓ હોય છે એનો અર્થ એટલો છે કે તેમને જીતવાની અને જો પ્રભુની ઈચ્છા હશે તો તે જિતવાની

જ છે અને માનવજાતિએ જો આ વિકાસ સાધવાનો હશે તો તે આરંભ ભારત દ્વારા જ થઈ શકે તેમ છે અને આ પ્રવૃતિએ વિશ્વ જેટલી વ્યાપક બનવાનું છે તો પણ તેની કેન્દ્રસ્થ ગતિતો ભારતની જ રહે એ બનવાજોગ છે.''

આ પ્રમાણે આ પાંચેય સ્વપ્નો ને તેમની સમગ્ર ધારામાં એક સાથે જોઈએ તો આપણે કહી શકીએ કે શ્રી અરવિંદ માનવજાતિના ભાવિ વિકાસનું જે દર્શન કરે છે તેનાં ક્રમિક પગથિયાં રૂપે આ પાંચ સ્વપ્નો ઊભરી આવે છે. આ સ્વપ્નો ને સાતત્યની એક સૂત્રતામાં જોતાં શ્રી અરવિંદને જે અભિપ્રેત છે તે ભારત અને એશિયાના પુનરુત્થાન દ્વારા ભારત અને એશિયાનું વિશ્વની ભાવિ સંસ્કૃતિમાં યોગદાન. આ યોગદાનના પરિણામે વિશ્વશાંતિ; વિશ્વમાં માનવએકતાનું સ્થાપન. સાથે સાથે વિશ્વશાંતિ અને વિશ્વ ઐક્યના પોષક વાતાવરણમાં ભારતના આધ્યાત્મિક જ્ઞાન-સાધનાના પ્રસાર અને સ્વીકારને પરિણામે આધ્યાત્મિક યુગનું આગમન, તેની પૃથ્વી ઉપર સ્થાપના. આ યુગ એ સાચા અર્થમાં વિશ્વમાં સત્યયુગ, સુવર્ણયુગની સ્થાપના હશે. આધ્યાત્મિક સાધનાના વૈશ્વિકરણ દ્વારા માનવજાતિની બૌદ્ધિક ચેતનાનું સામાન્ય મનથી ઉપરની ચેતનાની ભૂમિકાઓમાં આરોહણ, તેમનું અવતરણ અને રૂપાંતર મારફતે એક આધ્યાત્યિક વિશ્વમાનવ - Overman નો આવિર્ભાવ અને કાળક્રમે અતિમાનવનો, દેવમાનવનો પ્રાદુર્ભાવ. (Superman)

ભાવિનાં અનેક સૈકાઓ સુધી પ્રસરતું શ્રી અરવિંદનું દર્શન, આ સ્વપ્નોની સફળતાના કેન્દ્રમાં પ્રભુની સંકલ્પ શક્તિ, પ્રભુની ઈચ્છાનું દર્શન કરે છે. પ્રભુના આ સંકલ્પની ચરિતાર્થતાનું વિશ્વકરણ, વૈશ્વિક કેન્દ્ર અને પ્રભુના સંકલ્પને સિદ્ધ કરનાર અવતાર તરીકેનું દર્શન શ્રી અરવિંદ પોતાનામાં કરે છે એ વાત આ સંદેશની પશ્ચાદ્ભૂમાં રહેલો સંવાદી સ્વર છે. ભારતની સ્વતંત્રતાની ઘટના તરીકે સ્થાન લે છે. શ્રી અરવિંદે સાવિત્રી મહાકાવ્યમાં અશ્વપતિના યોગનિરૂપણમાં - પોતાના યોગનું તાદ્દશ નિરૂપણ કરેલ છે - લખ્યું છે:

"He drew the energies that transmute an age"

He took up the reins of cosmic force"

''અશ્વપતિએ યુગપરિવર્તનકારી શક્તિઓ પોતામાં આકર્ષી.''

''અશ્વપતિએ વૈશ્વિક શક્તિઓની લગામ પોતાના હસ્તોમાં લીધી.''



# જગત એક સહિયારું સાહસ છે
## World is participatory

- શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત

(ગતાંકથી ચાલુ)

હા, આપણે જીવ જગત અને જગન્નાથના સાધર્મ્યમાં જીવવું છે. એની સાથેના સહિયારાપણામાં ચેતનાના એક અભૂતપૂર્વ વિકાસનું પૃથ્વી પર સાહસ ખેડવું છે. અત્યારના આપણા માનવ-મન પ્રેરિત કુંઠિત જીવનને સ્થાને પ્રભુની વિશ્વસર્જક, વિશ્વવ્યાપક ચેતના સાથેના ઐક્યમાં જીવનનો આનંદ માણવો છે.

એ તો એક સચ્ચાઈ છે કે બ્રહ્મમાં કોઈ ભેદ નથી. છતાં આપણે ખોટા ભાગલાવાદી બની ગયા છીએ. અધ્યાત્મમાં પણ આપણે નાહક, સક્રિય, નિષ્ક્રિય બ્રહ્મનો ભેદ ઉપાડતા રહીએ છીએ. જો શાંત, સ્થિર અ-ક્રિય બ્રહ્મના જ કેવળ સ્વીકાર માટે હઠાગ્રહ સેવાય તો આ ગતિશીલ, પદાર્થભૂત જગતને મિથ્યા ગણી આપણે તેને કઈ કચરાની ટોપલીમાં નાંખી દેવું ? એ શક્ય છે ખરૂં ? માની લો (Just assume) કે કોઈ મહાસિદ્ધ પુરુષ શૂન્યતાનો સાક્ષાત્કાર કરી જગતના અસ્તિત્વનો અનુભવ પોતાની ચેતનામાંથી અલોપ કરી દે, (જો કે મોક્ષ તો દેહાવસાન પછી જ આવવાનો છે) તો તેથી સૃષ્ટિ સ્વયં ગાયબ થઈ જવાની છે ? આ પૂર્વે શું સિદ્ધો નથી થયાં છતાં સૃષ્ટિતો પ્રત્યક્ષ હાજરા હજુર છે. અને ખૂબીની વાત તો એ છે કે પૃથ્વી પર જીવન પાંગરતું અને વિકસતું રહે છે. વિભૂતિઓ પણ જન્મતી રહે છે અને અવતારો પણ આવતા રહે છે. આ કંઈ એક વ્યક્તિલક્ષી સવાલ નથી પૂરી સમષ્ટિનો પ્રશ્ન છે.

તો કઈ રીતે માનવું કે બ્રહ્મ પોતે સંકલ્પહીન, શક્તિહીન છે અને એણે શાંત, સ્થિર અને નિષ્ક્રિય જ રહેવું પડે ? શું બ્રહ્મ પોતે પોતાની 'શક્તિમત્તા'થી સ-સંકલ્પ, સક્રિય અને ગતિશીલ નહીં હોઈ શકે !! તો પછી માયાવાદીઓનું આ માયાવી જગત ક્યાંથી, ક્યારે અને કેવી રીતે અસ્તિત્વમાં આવી ચડયું ? બ્રહ્મને એની ખબર પણ નહીં રહી અને છતાં વિશ્વનો આ વૈવિધ્યપૂર્ણ ચરખો

એની સંમતિ વગર કલ્પાંતરોથી ઘૂમતો જ રહ્યો ! અને એમાં મન સંપન્ન માનવ પણ દાખલ પડી ગયો !!

માયાવાદીઓએ તો એનો બીનમાયાવી, તાર્કિક ઉત્તર શોધી રાખેલો જ છે. માયા તો અચિંત્યા, અર્તકયા અને અનિર્વચનિયા છે. Incomprehensible - એટલે કે એને વિષે કંઈ ગતાગમ પડે નહીં તેવી જાદુગરિ છે. એમ કહીને માયાવાદીઓએ તો પોતાના હાથ ઉંચા કરી દીધા. સૌને મત સ્વાતંત્ર્ય છે. માયાવાદીને પોતાની અનુકૂળતા પ્રમાણે હાથ ઉંચા કરી દેવાનો જન્મસિદ્ધ અધિકાર છે. ભલે તે ભોગવે. પણ તેથી 'સત્'ની હસ્તી અલોપ થઈ જતી નથી. તે તો પોતાની સક્રિયતામાં અને નિષ્ક્રયતામાં એકમ એવ અદ્વિતીયમ્ જ રહે છે. વેદ ઉપનિષદ તો મેઘગર્જના કરે છે : ''સર્વમ્ ખલુ ઈદં બ્રહ્મ ।'' આ બધું જ બ્રહ્મ છે. ''પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ ।'' તે પૂર્ણ છે અને આ પણ પૂર્ણ છે. કારણ કે બ્રહ્મ બધે જ સમ+પૂર્ણ, સંપૂર્ણ છે. સુવર્ણના અક્ષરમાં એક જ ઋચામાં કહેવું હોય તો : ''બ્રહ્મૈવેદં વિશ્વમિદં વરિષ્ઠં.'' આ શ્રેષ્ઠ વિશ્વ પોતે બ્રહ્મ જ છે.

પ્રકૃતિ અને પુરુષની બાબતમાં પણ આમ જ ભિન્નતાનો પડદો ઉભો કરી દેવામાં આવે છે. પરંતુ 'પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર''. ગીતાજીના તેરમા અધ્યાયમાં એક શ્લોક આવે છેઃ ''પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધિ અનાદિ ઊભૌ અપિ ।'' પ્રકૃતિ અને પુરુષ બન્નેને તું અનાદિ જાણ. અનાદિ એટલે કે તેમની ઉપર તેમને પ્રગટ કરનાર બીજું કોઈ જ તત્વ નથી. હવે, જો એ બન્ને પુરુષ અને પ્રકૃતિ જુદા જ હોય તો બે માં પહેલું કોણ ? એટલે એનો સીધો અને સાચો એક જ અર્થ થાય કે તે બન્ને એક જ છે. બે અનાદિ હોઈ શકે નહીં. અનાદિ તો એક જ હોય. અનંત પણ એક જ હોય અને સ્વયંભૂ પણ એક જ હોય. ભલે, માનવ મનની કક્ષાએ સપાટી પર તે વિભિન્ન જણાતા હોય. એ તો સીક્કાની બે બાજુ છે. સિક્કો તો એક જ છે.

ઘણા વર્ષ પહેલાં આર્યના એક અંકમાં શ્રી અરવિંદનું એક વિધાન વાંચ્યું હતુંઃ "But what God combines and synthetises wherefore should man insist on divorce. જેને પ્રભુએ પોતામાં જોડીને એકરૂપ કર્યા છે તેના વિચ્છેદ માટે માનવે શા માટે આગ્રહ રાખવો જોઈએ. ?

અહીં, શ્રી અરવિંદે સાવિત્રી મહાકાવ્યમાં પ્રભુનું પોતાનું પોતાની અનંત રૂપા મહાશક્તિ (જેમાં પરા અને અપરા બન્ને પ્રકારની પ્રકૃતિઓનો સંયુક્ત



સમાવેશ થાય છે) તેની સાથેના તાદાત્મ્યનું અને તેના બહુરૂપી મર્મનું જે મંગલ માંત્રિક ગાન ઉચ્ચારાયું છે તેની સહેજ ઝાંખી કરી લઈએ :

"This whole wide world is only he and she.
This is the knot that ties together the stars :
The two who are one are the secret of all power,
The two who are one are the might and right in things."

''આ સઘળું ચરાચર વિશ્વ કેવળ તે પ્રભુ અને તેની પૂર્ણા પ્રકૃતિ જ છે. આ બેના ઐક્યે જ સમસ્ત બ્રહ્માંડને એક ગાંઠે ગાંઠી રાખ્યું છે. આ બે, જે એક જ છે, તે બ્રહ્માંડની બધી શક્તિઓનું ગૂઢ રહસ્ય છે. આ બે, જે એક જ છે, તે વસ્તુમાત્રમાં રહેલી પોતીકી સત્તા અને સામર્થ્ય છે.'

આમ આ સમગ્ર અસ્તિત્વ કેવળ સચ્ચિદાનંદ છે. આ બે, તે મૂળરૂપે સત્ અને ચિત્ છે. સચ્ચિત છે. અને એ બન્નેના ઐક્યમાંથી ઉપજતો મહાભાવ એ આનંદ છે. જ્યાં જ્યાં સચ્ચિતના ઐક્યની અનુભૂતી અનુભવાય ત્યાં ત્યાં આનંદ જ હોય. પ્રભુની આ આનંદ યુક્ત ક્રિડાને વિશ્વમાં આપણે પ્રભુની જ લીલા તરીકે ઓળખીએ છીએ. લીલાનો અર્થ છે પ્રભુની આશ્ચર્યકારક આનંદમય અભિવ્યક્તિ.

તો પછી, જગતમાં અને જીવનમાં આપણે કેમ આ આનંદ અનુભવતા નથી ? કારણ કે પહેલું, આપણી ચેતનામાં તે સચ્ચિત્ના પૂરણ ઐક્યની અનુભૂતિ સ્થાપી શક્યા નથી. અને બીજું આપણા મનની ચેતનામાં આપણે જગતને અને જીવનને તેના બાહ્ય દેખાતા અનંત ટૂકડાઓ રૂપે જ નિહાળીએ છીએ. Mind is the great divider. And we see things partly and successively. મનની શક્તિ વસ્તુઓનું ટૂકડે ટૂકડે અને ટૂકડાઓમાં દર્શન કરાવે છે. તે એટલે સુધી કે એ સ્થળ અને કાળનું પણ દર્શન આપણને કણ કણ (સ્થળ) અને ક્ષણ ક્ષણ (સમય)ના જાણે કે અલગ અલગ અને ભિન્ન ભિન્ન અનંત ટૂકડાઓમાં કરાવે છે. મનની પાસે સમગ્રને સમગ્ર રૂપે જોવાની શક્તિ નથી. મનની પાસેથી અખિલનું તેની અખિલાઈમાં અનુભવ કરવાની અપેક્ષા રાખવી કે માંગણી કરવી તેનો અર્થ એવો થાય છે કે જેની પોતાની પાસે જે નથી તેની પાસેથી તેની માંગણી કરવાનો વ્યર્થ આગ્રહ રાખવો, અને તે મળી જાય તે માટે મથ્યા જ કરવું એને આપણે એક પ્રકારની મિથ્યા ભ્રમણામાં જીવવું અગર અજ્ઞાનમાં જીવવું એમ કહી

શકીએ.

મનની ચેતનામાં પ્રભુની લીલામય મંગલાઈનો જીવનમાં (Real) સાચો અનુભવ નથી થતો અને માત્ર માનસિક યા તો બૌદ્ધિક સ્પર્શ થાય છે અને જે તે કક્ષાના જીવન અનુસાર કર્મનો કાયદો કાર્યકારી રહેતાં જીવનની રેંટમાળ ઘૂમતી રહે છે. લાખો વર્ષ વિતતા સામાન્ય ઉત્ક્રાંતિનો નિયમ જે ફેર બદલ કરે તે ખરું.

મન-બુદ્ધિના સ્તરથી ઊર્ધ્વમાં પ્રભુની પોતાની વિશ્વનું સર્જન કરનારી Truth Consciousness અથવા ઋત ચેતનાનું સામ્રાજ્ય આવેલું છે. વેદ ઉપનિષદો એને વિજ્ઞાનમય કોષની ચેતના રૂપે વર્ણવે છે. શ્રી અરવિંદે પોતાની, સ્વાનુભૂતીના નક્કર અને પ્રબળ પૂરાવા પર એને "Supermind", અગર 'અતિમનસ' એવું નામ આપેલું છે. અહીં અતિનો અર્થ ઘણું નહીં. સંસ્કૃતમાં 'અતિ'નો અર્થ, તેનાથી ચઢિયાતું, તેનાથી ઉપરનું એવો પણ થાય છે. એટલે અતિમનસ એટલે મનની શક્તિની ઉપરની, સ્વતંત્ર અને એથી ચઢિયાતી શક્તિ. એમાં એકી સાથે જ્ઞાનની અને તે જ્ઞાનને સિદ્ધ કરી દેનાર સંકલ્પની શક્તિ એમ બેવડી શક્તિ કાર્યરત હોય છે. Thus supermind has not only the power of knowledge beyond the ranges of mind but simultaneously possesses the supramental power of realisation or actualisation. આ બન્ને શક્તિની એકી સાથેની સંલગ્નતાથી ચેતનાની સચેતસ ઉત્ક્રાંતિની ક્રિયા સરળ અને ઝડપી બને છે.

શ્રી અરવિંદ અને માએ બીજું જે મહાન અવતારી કાર્ય કર્યું તે પૃથ્વીની ચેતનામાં આ અતિમાનસ શક્તિના અવતરણનું કાર્ય. આ ચેતનાના સંસ્પર્શથી પ્રભુની ખુદની સર્જક ચેતનાના આંદોલનો માનવની ચેતનામાં ભળી, માનવની ચેતનાને મનથી ઉપરના સ્તર પર આરોહિત કરી એનું નવનિર્માણ કરી, પ્રથમ તો તેને 'વિશ્વ માનવ' universal man નું સ્વરૂપ તે અર્પશે. માણસ કંઈ સીધો અતિમાનસીક બની જવાનો નથી.

આજ તો આપણા સૌની અનિવાર્ય આવશ્યકતા છે

A universal man with spiritually Integral Universal consciousness.

વૈશ્વિક આધ્યાત્મિક ચેતનાથી ઓતપ્રોત એવો વિશ્વમાનવ.

**ક્રમશઃ**



# આગામીભાવી

## સર્વાંગી-વિકાસ

(શ્રી અરવિંદ સોસાયટીનાં Shriaurovindosociety.org.in ના જુલાઈ ૦૮ના Next Future ના આધારે સાભાર)

હમણાં જ છાપરા ઉપર દોડતું એક વાનરકુળનું પ્રાણી દેખાયું. નવાઈ એ હતી કે તે કોઈકથી છટકવા ઉતાવળે માણસની જેમ પાછલા પગે દોડતો હતો અને ભાગ્યે જ આગલા પગનો આધાર લેતો હતો. પ્રાણીશાસ્ત્રજ્ઞો જણાવશે કે આફ્રીકામાંના ગોરીલા અને ઉરાંગઉટાગ વાંદરા આવી રીતે ઘણી વખત ચાલે છે તેથી આશ્ચર્ય જેવું કાંઈ નથી.

મારે કહેવાનું છે કે આપણી આસપાસ આવી હૃદયના દરેક ધબકારે ઘટનાઓ બનતી હોય છે જેની દ્વારા પ્રગતિ અને વિકાસની પ્રક્રિયા આગળ વધતી જ હોય છે. અધ્યાત્મ ક્ષેત્રે વિકાસ શબ્દને ખૂબજ મહત્વ છે. પણ આ લોકો આ શબ્દ સાંભળીને જે ગૂઢતાનો ભાવ વ્યક્ત કરે છે તે સામાન્ય માનવોને માન્ય નથી. વિકાસ એટલે ચેતનાના કોઈ અભૌતિક ઉર્ધ્વ કક્ષાએ પ્રવેશ અથવા અસ્તિત્વની અભૌતિક નવી જ કક્ષાએ પ્રવેશ. સામાન્ય લોકો માટે આવા વિચારો એટલે આળસુ અને કામવગરના લોકેનો કલ્પનાવિલાસ માત્ર છે. સમયની બરબાદી છે.

પણ વાસ્તવિકતા જુદી છે. વિકાસ આ ભૌતિક જગતમાં જ કરવાનો છે. અણુની કક્ષાથી વૈશ્વિક કક્ષાએ વિકાસની પ્રક્રિયા અખંડ ચાલુ જ હોય છે. તે ઉપર જણાવેલી ઘટના દ્વારા પણ વ્યક્ત થઈ શકે છે. આપણે રોજ રોજ આવા વિકાસને આપણા જીવનમાં અનુભવવો જરૂરી છે. તેના સિવાય તેનું મહત્વ નહિ જણાય. અખંડ ચાલતી આ વિકાસ પ્રક્રિયાને આપણે જોઈ શકતા નથી. એ આપણી બુદ્ધિની જડતા છે.

(વિકાસ આપણા શારીરિક તત્વોમાં જેમ થઈ રહ્યો છે તેમ આપણા માનસિક અને ચૈતસિક તત્વોમાં પણ થઈ જ રહ્યો છે. સર્વાંગી વિકાસને મહત્વ છે.

(પાના ૩૭ ઉપર)

# સાવિત્રી-સાર

## પ્રકરણ-૭૦ : આત્મદૃષ્ટિની વિશેષતા

(Savitri - B-1, C-3, P 26-27)

- માન

અશ્વપતીમાં કેવી કેવી અવનવી ક્ષમતાઓ વિકાસ પામી રહી છે તેની વિગતો શ્રી અરવિંદ સમજાવી રહ્યાં છે. અશ્વપતીમાં હવે નવી દૃષ્ટિ ખીલી રહી છે. દૃષ્ટિ આ અંતકરણનાં વલણ ઉપર આધાર રાખે છે. બહારની વસ્તુઓ તો તે વલણને આધાર આપતી ભૌતિક-વાસ્તવિકતા જ બની રહે છે. એક જ સ્ત્રી, એકને પત્નિ, બીજાને બહેન, ત્રીજાને માતા તરીકે અનુભવાય છે. કારણ દરેકના અંતકરણનું વલણ અલગ અલગ છે. જગતની ભૌતિક-વાસ્તવિકતા તો આની આજ રહેવાની છે. માનવની ચેતના જ પોતાના વલણમાં ક્રમશઃ વિકાસ સાધે છે અને તેથી તેની જોવાની દૃષ્ટિ પણ બદલાય છે. આને કારણે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. આજનું શાસ્ત્ર પણ એ જ કહે છે હકારાત્મક વલણ (Positive-attitude) રાખશો તો જગત તમને હકારાત્મક પ્રતિભાવો આપી તમારી પ્રગતિમાં મદદરૂપ થશે. નકારાત્મક વલણ (Negative-attitude) રાખશો તો જગતનાં પ્રતિભાવો પણ નકારાત્મક જ અનુભવાશે.

આવી જે દૃષ્ટિ હોય છે તેમાં સર્વશ્રેષ્ઠ દૃષ્ટિ છે 'આત્મદૃષ્ટિ' કારણ જગતનું અંતિમ સત્ય આત્મતત્વ જ છે. અહિં જગતની વાસ્તવિકતા અને દૃષ્ટિનું વલણ એકરૂપ થઈ જાય છે. વ્યક્તિગત સત્ય અને વસ્તુનિષ્ઠ સત્ય (Subjective and objective truth) એકરૂપ થઈ જાય છે. તેથી તે સર્વાંગપૂર્ણ દૃષ્ટિ કહેવાય છે. અન્ય દૃષ્ટિઓ એ આંશિક-સત્ય ધરાવે છે. દા.ત. સ્ત્રીને પુત્રી તરીકે જોવી તે પિતા માટે સર્વાંગી સત્ય છે. પણ ખરેખર તે સ્ત્રી કોઈની પત્નિ પણ છે અને માતા પણ છે. તેથી તેમાં વૈયક્તિક-સત્ય આંશિક જ હોવાથી તે દૃષ્ટિ સર્વાંગપૂર્ણ અને શ્રેષ્ઠ નથી. જ્યારે આત્મદૃષ્ટિ આ બન્ને પાસાની દૃષ્ટિએ સર્વાંગપૂર્ણ છે. તેથી જ તે સર્વ શ્રેષ્ઠ છે. અને તેથી તે શુદ્ધમાં શુદ્ધ દૃષ્ટિ તરીકે ગણાય છે. તેથી શ્રી અરવિંદ આત્મદૃષ્ટિને "A pure perception" તરીકે વર્ણવે છે. જ્યારે આત્મદૃષ્ટિથી આપણે જગતનાં સર્વ પદાર્થો - પછી તે જડ હોય કે ચેતનને જોઈએ છીએ, ત્યારે આત્માનો આનંદ



તેને સ્પર્શે છે. આ આનંદ સાચી ઓળખાણનો હોય છે. આત્મા આત્માને ઓળખે છે અને એકરૂપ થઈ જાય છે. સાધક આત્મદૃષ્ટિમાં બધાં સાથે એકરૂપતા સાધે છે. તેને બધે જ પોતે વિચરતો લાગે છે અથવા પ્રભુ લીલા કરતાં લાગે છે. તુલસીદાસનો 'સીયારામ મય સબ જગ જાની' અને ગીતાનો 'આત્મવત્-સર્વભૂતેષુ' આ બન્ને અનુભવો આત્મદૃષ્ટિનાં જ છે. જગન્માતાનો ઉપાસક 'જ્યાં જોઉં ત્યાં જોગમાયા'નાં દર્શન પણ આ રીતે જ કરે છે. આવી આત્મદૃષ્ટિ ખીલવવી, અભ્યાસવી, તેમાં જ સ્થિર થતાં શીખવું એ જ આધ્યાત્મિકતાનું સાર તત્વ છે બાકી બધું આ કેન્દ્રીય સત્ય ઉપરથી તારવેલાં ઉપસિદ્ધાંતો છે. આ જ મધ્યવર્તિ સિદ્ધાંત કે કેન્દ્રીય સિદ્ધાંત છે. આ જ અધ્યાત્મની - Spirituality ની સાચી ઓળખ છે. જોનારો આત્મા જ્યારે જોએલ આત્મા સાથે એકરૂપતા અને તાદાત્મ્ય સાધે છે. ત્યારે સાધકની ચેતના જે વિશાળતા પ્રાપ્ત કરે છે. તેને કારણે ત્યાં આત્માનંદ પ્રગટે છે, જે આલ્હાદદાયક આનંદ હોય છે તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

- A pure perception lent its lucent joy"

શ્રી અરવિંદ આ આત્મદૃષ્ટિને The pure perception નથી કહેતાં પણ A pure perception કહે છે. કારણ આવી આત્મદૃષ્ટિ વિવિધ જીવોમાં વિવિધ સમયે પ્રગટ થતી હોય છે. તે જીવની પ્રગતિ અને અભ્યાસ, પ્રભુની કૃપા અને ગુરૂએ આપેલી સાચી સમજણ ઉપર આધાર રાખે છે. તેથી શ્રી અરવિંદ આને "A pure perception" કહે છે, બીજું પણ એક કારણ આપી શકાય એવું છે. હજી અશ્વપતી આ આત્મદૃષ્ટિમાં સ્થિર થયો નથી, તેની ચેતના કોઈ વખત આત્મદૃષ્ટિમાં તો કોઈ વખત વિષયદૃષ્ટિમાં સરી પડે છે અને તેથી એક જ દિવસમાં અનેક વખત આવું ચેતનાનું ચલન થઈને અશ્વપતીને વારંવાર સભાન રીતે આત્મદૃષ્ટિમાં પાછો પોતાને સ્થિર કરવો પડે છે. આવી અસંખ્ય ઘટના બનતી હોવાથી પણ તે પૈકી એક આત્મદૃષ્ટિનો પ્રસંગનો જાણે શ્રી અરવિંદ ઉલ્લેખ કરી રહ્યાં છે. તેથી તેઓ "A" ઉપપદ લગાડે છે.

આ જે દૃષ્ટિ છે તેમાં જે તાદાત્મ્યભાવ જાગે છે તેને શ્રી અરવિંદ intimate-vision તરીકે વર્ણવે છે. શ્રી અરવિંદ કહે છે કે શરૂઆતમાં કદાચ આત્મદૃષ્ટિ કેળવવી પડે છે. પણ અભ્યાસ પાકો થતાં તે માટે વિચાર અને વિવેકથી તે દૃષ્ટિ કેળવવાની જરૂર રહેતી નથી. પોતાની મેળે તે દૃષ્ટિ જ તાદાત્મ્યભાવ રચે છે. તેથી

શ્રી અરવિંદ જણાવે છે કે "Its intimate-vision waited not to think."

આ આત્મદૃષ્ટિની બીજી પણ એક વિશેષતા છે. તે આત્માનું વ્યક્તિગત દર્શન તો કરી જ શકે છે અર્થાત એક નિશ્ચિત વસ્તુ આત્મસ્વરૂપ છે એવુ તો અનુભવી શકે છે (તત્ ત્વમ અસિ) પણ સાથે સાથે સમગ્ર સૃષ્ટિ પણ આત્મ સ્વરૂપ છે એવી સમગ્રતાની દૃષ્ટિ પણ કેળવી શકે છે. (સર્વં ખલુ ઈદં બ્રહ્મ) આત્મ તત્વ જરૂરિયાત મુજબ સાકાર અને નિરાકાર બની જાય છે. તેને કોઈ બંધન નડતું નથી એક વસ્તુમાં તે સાકાર આત્મા તરીકે ડોકાય છે તો સમગ્ર સૃષ્ટિમાં નિરાકાર સર્વવ્યાપિ આત્મા તરીકે પણ પ્રગટ થાય છે. આ વિશેષતા શ્રી અરવિંદ અહિં દર્શાવવા માગે છે અને તેથી લખે છે "It enveloped all Nature in a single glance" આમાં નિરાકાર સર્વવ્યાપી આત્મા વસ્તુમાત્રની અંદર બહાર વ્યાપિને સ્થિર પથરાયેલ પડયો છે એવું દર્શન થતું હોય છે. આ આત્મદૃષ્ટિ જ્યારે વસ્તુને જોતી હોય છે ત્યારે તેની એકાગ્રતાનું બિન્દુ વસ્તુના રંગરૂપ આકાર કરતાં તેમાંથી પ્રગટ થતા આત્મતત્વ ઉપર કેન્દ્રીત થએલ હોય છે. તેને આત્મતત્વનાં સંવેદનો તીવ્રતાથી અનુભવાય છે અને વસ્તુના રંગ, રૂપ, આકાર, ગુણધર્મોના સંવેદનો પાર્શ્વભૂમીમાં જતા રહે છે. આ આત્મદૃષ્ટિની વિશેષતા જણાવવા શ્રી અરવિંદ લખે છે કે "It looked into the very self of things" તેના મન ઉપર વસ્તુના રંગરૂપના કારણે થતી ભેદ બુદ્ધિનો પરિણામ થતો જ નથી. કારણ તે પ્રકર્ષતાથી, તીવ્રતાથી આત્મતત્વની એકરૂપતા જ જોતો અને માણતો હોય છે. શ્રી અરવિંદ લખે છે કે,

"Deceived no more by form he saw the soul"

જ્યારે જ્યારે તે વ્યક્તિ તરફ જોય છે ત્યારે તેને તે વ્યક્તિમાંથી વ્યક્ત થતો આત્મા જ નજરે પડે છે. પણ તે જોવાતી વ્યક્તિ પોતે પોતાના આ આત્મ વિષે તદ્દન અભાન અને અજાણ હોય છે. શ્રી અરવિંદ લખે છે

"In beings it knew what lurked to them unknown" અહિં "it" એટલે તે આત્મદૃષ્ટિ પોતે, તેની આ વિશેષતા છે. આત્મતત્વ સાથે એકરૂપતા સાધવાથી અનાયસા તે સાધકને સાચા વ્યક્તિમાંની ઈચ્છાઓ અને ભાવનાઓ બાબત અન્તઃપ્રેરણાથી જ જ્ઞાન મળી જાય છે. તે સામેની વ્યક્તિએ તેના મનોગત વિચારો અને મનોરથ શબ્દોમાં પ્રગટ કરવાની જરૂર રહેતી જ નથી. એક રીતે કહીએ તો આવો સાધક 'અન્તર્યામી' થઈ જાય છે.. બીજાના મનની વાતો જાણતો હોય છે. અન્તર્યામીનો સાચો અર્થ છે અન્તકરણમાં પ્રવેશ કરી જનાર



તત્વ. તેને કારણે જ તે તે વ્યક્તિ બાબત જ્ઞાન મેળવે છે. વળી આ જ્ઞાન મેળવવાનો તે દૃષ્ટિનો હેતુ પણ હોતો નથી. પણ સહેજ રીતે અનાયાસે પકડાઈ જાય છે. તે સૂચવવા શ્રી અરવિંદ "seized" શબ્દ વાપરે છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે,

"It seized the idea in mind, the wish in the heart:"

શ્રી અરવિંદ જણાવે છે કે સામેની વ્યક્તિનાં અવચેતનમાં જે છૂપાએલા હેતુ હોય છે તે તે વ્યક્તિ પોતે પણ જાણતી હોતી નથી. પણ આ આત્મ દૃષ્ટિને તે સહજ રીતે જણાય છે. શ્રી અરવિંદ અવચેતન માટે ખાસ શબ્દ વાપરે છે "grey folds of secrecy" અવચેતન ગ્રે રંગનાં, શ્યામ પ્રકાશનું બનેલું હોવાથી તે સૂચવવા શ્રી અરવિંદ grey શબ્દ વાપરે છે. અવચેતનનાં અનેક સ્તરો હોય છે. અને તેમાં જન્મો જન્મના સંસ્કારો પડેલાં હોય છે તે જણાવવા folds શબ્દો વાપરે છે. (આજનું માનસ શાસ્ત્ર કહે છે કે સ્મૃતિ ગ્રે રંગના મગજ ઉપર fold તરીકે જ અંકિત થતી હોય છે.)

સામાન્ય માનવને બાહ્ય વર્તન દેખાય છે પણ તેનો હેતૂ તે જાણતો નથી. કોઈ વ્યક્તિને જોઈ ગુસ્સો આવે છે પણ તે ગતજન્મોનાં વેરભાવનું પરિણામ છે એ તે જાણતો નથી હોતો. અવચેતન બાબત તે અભાન હોય છે. આ વસ્તુઓને તે સમજી જ શકતો નથી. શ્રી અરવિંદ જણાવે છે કે

It plucked out from grey folds of secrecy
The motives which from their own sight men hide.

માનવમાં ધબકતા જીવનમાં ઘટનાઓ ક્ષણે ક્ષણે બનતી હોય છે. વિચારો, ભાવનાઓ, વેદનાઓના તરંગો ઉઠતા અને શમતા હોય છે. માનવ જીવન સતત હિલોળા લેતું હોય છે. આને જ કહે છે જીવનનું ધબકવું "beating". આવી બધી ઘટનાઓના સંવેદનો આત્મદૃષ્ટિ કેળવેલ વ્યક્તિને અનુભવતા હોય છે. તે સુખદ અને દુઃખદ સંવેદનોની વિગતો આવી આત્મદૃષ્ટિ કેળવેલ વ્યક્તિને અનાયસે મળી જતી હોય છે. આત્મદૃષ્ટિ કેળવેલ સાધકને આ સંવાદનો શાંત પ્રવાહ સ્વરૂપે કે ઉછળતા ઘસમસતા મોજા સ્વરૂપે પોતાની ચેતનામાં પ્રવેશતા અનુભવાય છે. જો સંવેદનો સૌમ્ય હોય તો શાંત પ્રવાહ તરીકે તે આવતા અનુભવાય છે. પણ ઉગ્ર પ્રાણમય ઉદ્વેગ હોય તો ઘસમસતા ઉછળતા મોજાઓ સ્વરૂપે આવતા અનુભવાય છે. સંવેદનોમાં આવેગ કેટલા પ્રમાણમાં છે તે પ્રેમનાં, ક્રોધનાં અને જણાવ્યા વગરની આકાંક્ષાઓનાં પણ હોય છે. બધા જ પોત પોતાના આવેગોનુસાર આવા આત્મદૃષ્ટિ કેળવેલ સાધક તરફ આવતાં હોય છે. વાસ્તવિક

રીતે આવા આવેગો બધા તરફ આવતા જ હોય છે. પરંતુ સામાન્ય માનવની ચેતના જડ અને બધીર હોવાથી તે તેની ચેતનામાં પ્રવેશી જાય તેની તેને ખબર પણ હોતી નથી. પણ આત્મદૃષ્ટિ કેળવેલ સાધકની ચેતના જાગૃત અને દક્ષ હોવાથી, સંવેદન શીલ હોવાથી તે સંવેદનોને આવતાં અને પોતાની ચેતનામાં પ્રવેશતા જોઈ શકે છે. પણ તેની આત્મદૃષ્ટિને કારણે પારકી અને પોતાની એવી ચેતનાઓનો ભેદ જ ખરી પડયો હોવાથી તે લહેરો એટલે એક વિશાળ ચેતનાની સપાટી ઉપર પ્રવાસ કરતી લહેર જેવી ભાસે છે અને જ્યારે સાધકની ચેતનામાં તે પ્રવેશે છે ત્યારે શાંત સમુદ્રમાં મળી જતી હોય તેમ કોઈ પણ પ્રત્યાઘાત રચ્યા વગર પ્રવેશે છે. કારણ સાધકે તો પોતાની અસીમ ચેતનાને અવિચળ અને સ્થિર કરેલી છે. સમતાનો ભાવ ત્યાં સ્થિર થએલો હોય છે. તેથી એક અવિચળ સમુદ્રમાં પ્રવેશી તે લહેર વિરમી જતી હોય એવું લાગે છે. ગીતામાં આ જ ઘટનાને આવી જ ઉપમા દ્વારા ભગવાન કૃષ્ણે પણ વર્ણવી છે. તેમાં ભગવાન જણાવેં છે કે

આપૂર્યમાણમચલં પ્રતિષ્ઠમ્
સમુદ્રમાપઃ પ્રવિશંતિ યદ્વત।
તદ્વત્કામા યં પ્રવિશંતિ સર્વે
સ શાંતિમાપ્નોતિ ન કામકામી॥૭૦ (૨)

જે પ્રમાણે અચળ સમુદ્રમાં અનેક નદીઓનાં પાણી પ્રવેશવા છતાં સમુદ્ર અવિચળ રહે છે. તેમ વિશ્વપ્રકૃતિમાંથી આવતાં કામનાનાં બધા પ્રવાહો તે સ્થિતપ્રજ્ઞની ચેતનામાં પ્રવેશવા છતાં તે શાંતિમાં જ સ્થિર રહે છે. કામનાગ્રસ્ત વ્યક્તિઓ શાંતિમાં રહી શકતાં નથી.

તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

He felt the beating life in other men
Invade him with their happiness and their grief,
Their love, their anger their unspoken hopes
Entered in currents or in pouring waves
Into the immobile ocean of his calm.

સારાંશ આત્મદૃષ્ટિ કેળવેલ વ્યક્તિ આત્મસ્વરૂપ જ બની જતો હોવાથી તેમાં આત્મતત્વની બધી જ વિશેષતાઓ ધીમે ધીમે પ્રગટ થવા માંડે છે. તેનો આત્મભાવ કેટલો દૃઢ થયો છે તેની ઉપર જ આ વિશેષતાઓ પ્રગટ થવાનો આધાર રાખે છે. અશ્વપતી આવી રીતે અસીમ ચેતનાનો ધારક હતો.



# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ-૫

## સર્વવ્યાપિબ્રહ્મ

- માન

સર્વન્તુ ખલુ બ્રહ્મૈકં યત્ કિંચ જગત્યામ્॥

બધું ખરેખર એક જ બ્રહ્મ છે જે કાંઈ જગતમાં છે તે બધું જ છે. જગતપણ બ્રહ્મ જ છે. તેને જ સત્ય કહે છે. તે ભ્રમણા નથી. સામાન્ય ખ્યાલ લોકોનો એવો જ છે કે આ જડ-જગતમાં ચેતના નથી. તે અચેતન છે અને તેની માર્ફત ચેતના પ્રગટ થઈ રહી છે. પહેલા આ જડ જગતમાં ચેતના જ નહોતી. પણ ધીમે ધીમે ઉત્ક્રાંતિ આગળ વધતા ચેતના પ્રગટ થઈ; વિકાસ પામી અને હવે તેણે જડ પદાર્થનાં અમુક અંશોમાં પ્રવેશ કરીને તેની માર્ફત પ્રગટ થઈ રહી છે. જે જડ-પદાર્થમાં તે પ્રવેશી છે તેને આપણે શારીરિક-તત્વ કહીએ છીએ. તેને Physical element કહીએ છીએ. જે જડ તત્વમાં તે પ્રવેશી નથી તેને material elements કહીએ છીએ. અચેતન જડ વસ્તુ એટલે material thing. આવી રીતે સમગ્ર જડ જગતનાં બે પ્રકારો પડલાં છે. તેમાં પણ material વસ્તુઓનું પ્રમાણ ઘણું બધું વધારે છે તેના પ્રમાણમાં physiological things ઘણી ઓછી છે.

ભૌતિકવાદ કે જડવાદના કારણે આવા વિચારો સમાજનાં બધા જ સ્તરે રૂઢ થઈ ગયાં છે. અને તે તેમને માટે એક નક્કર સત્ય બની ગયું છે. વાસ્તવિકતા બની ગઈ છે. પણ એ તેમની ગેરસમજ માત્ર હોય છે.

વાસ્તવિકતા અલગ વસ્તુ છે અને સમજણ અલગ વસ્તુ છે. સમજણ એક માન્યતા માત્ર હોઈ શકે છે. જગતને જોવાનો આપણો દૃષ્ટિકોણ જ ભૂલ ભરેલો છે. આપણી સમજણ ભૂલ ભરેલી છે. જેમ સૂર્ય ઉગે છે અને આથમે છે એ માન્યતા છે. વાસ્તવિકતા નથી. કોપરનિક્સની શોધ પહેલાં બધા સૂરજના ઉદય-અસ્તને જ વાસ્તવિક ગણતાં હતાં. તેમ જગત એક જડ પદાર્થનું બનેલું છે અને તેની દ્વારા ચેતના અમુક ઠેકાણે પ્રગટ થઈ રહી છે એ માન્યતા પણ વાસ્તવિક નથી. લોકોમાં દૃઢ થએલી માન્યતા માત્ર છે.

ઉપનિષદનાં ઋષિઓની જ્યારે આત્મદૃષ્ટિ ખીલી ત્યારે તેમને આ જગત બાબતનું એક નવું જ સત્ય જણાયું. જગતમાં ચેતના સિવાય અન્ય કોઈ વસ્તુ જ

નથી. તે ચેતના અખિલ બ્રહ્માંડમાં ખૂણે ને ખાંચરે ઓતપ્રોત છે. તેના વિનાનું કોઈ સ્થાન જ નથી. તે નથી તેવો પ્રદેશ નથી. તે ચેતનાએ જ જડ ચેતન રૂપો લીધાં છે. સાકાર - નિરાકાર રૂપો લીધાં છે. સગુણ-નિર્ગુણ રૂપો લીધાં છે. નિત્ય-અનિત્ય રૂપ લીધાં છે. સક્રિય-નિષ્ક્રિય રૂપો લીધાં છે. દરેક રૂપમાં તે જ છે. દરેક રૂપની બહાર પણ તે જ છે. તે બધે જ ઓતપ્રોત છે. પણ વ્યક્ત અને અવ્યક્ત બન્ને છે. આપણી ઈન્દ્રીયોની ગ્રહણ કરવાની મર્યાદાઓ છે. તે મર્યાદામાં જે આવે છે તેને તે વ્યક્ત સમજે છે. જે નથી આવતી તેને તે અવ્યક્ત સમજે છે. મર્યાદા આપણા ઈન્દ્રીયોની છે. યોગી માટે તે સદા વ્યક્ત જ છે.

તે જગતમાં પણ છે જગતની બહાર પણ છે. તેણે જ વિવિધ રૂપો ધારણ કરેલાં છે.

''રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ'' આ જ વાસ્તવિકતા છે અને તે જ સાચી સમજણ છે. તે અણુ પણ છે. તે મહત્ પણ છે અણોરણીયાં મહતો મહીયાન - અણુનો પણ અણુ તે જ છે. મહતમાં મહત્તમ પણ તે જ છે.

દરેકના વિકાસ માટે જે જરૂરી હોય તે રૂપે તે કાર્ય કરે છે. તે સર્વ સમર્થ હોવાથી તે બધું જ બની શકે છે. પણ આવા આપણને ગમતા કે અણગમતા રૂપો ધારણ કરવા છતાં તેની ચેતનામાં કોઈ તફાવત પડતો નથી. સારાંશ તે નૈતિક-નિયમોમાં બંધાતું નથી. તે નૈતિક-ધોરણોથી પર છે. Supra-moral છે. તે સર્વ વ્યાપી ચેતના એટલે જ બ્રહ્મ. બ્રહ્મનો અર્થ જ છે. સર્વ વ્યાપી. તે મર્યાદિત રૂપો પણ બ્રહ્મ જ છે. તેમ છતાં તે તો સર્વવ્યાપિ જ છે (બ્રહ્મૈવ) આ જગત જે દેખાય છે અને નથી દેખાતું તે પણ બ્રહ્મ જ છે. તેને જ સત્ય કહે છે.

'સત્' એટલે અસ્તિત્વ. 'સત્ય' એટલે અસ્તિત્વ ધરાવતું. તે અસ્તિત્વ સનાતન સ્વરૂપ છે. ભૂતકાળમાં હતું. વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં પણ રહેશે. તેથી તે ત્રિકાળાબાધિત છે. એવો કોઈ કાળ નથી જ્યારે તે ન હોય.

મિથ્યા એટલે અસ્તિત્વ છે તેના કરતાં વેગળી સમજણ ધરાવવી. દોરડાના ટુકડાને સાપ સમજી ડરી જવું એ મિથ્યાજ્ઞાન છે. દોરડીનાં ટુકડાને દોરડીનો ટુકડો સમજવો એ સત્યજ્ઞાન છે. જગતની દરેક વસ્તુને બ્રહ્મ સમજવું એ સત્યજ્ઞાન છે. તેને જડજગત સમજવું એ મિથ્યાજ્ઞાન છે. ભ્રમ છે, ભ્રમણા માત્ર છે. આ અર્થમાં જગત-મિથ્યા છે. આપણે જગતને જે રીતે સમજીએ છીએ તેવું તે નથી. તે તો વાસ્તવિકરીતે બ્રહ્મ-ચેતના સ્વરૂપ જ છે. તેને બ્રહ્મ સમજવું એ જ જગતની સાચી સમજણ છે. તે જ સાચુ દર્શન છે.





## નિમિત્ત માત્ર...

**(શ્રી માતાજીનો વાર્તાલાપ તા.૭.૪.૨૯ના આધારે)**

- માન

''અમને યોગ વિષે કાંઈક કહો.''

''બેટા, આપણે યોગ અદ્‌ભૂત-શક્તિ મેળવવા કરતા નથી, કે નથી કરતાં ગહન-શાંતિ મેળવવા કે માનવજાતિની ઉત્તમ સેવા કરવા. યોગથી આ વસ્તુઓ મળી જાય છે. પણ તેનો મુખ્ય હેતુ તે નથી. યોગ કરીએ છીએ પ્રભુને ખાતર જ. પ્રભુ વિના જીવન વ્યર્થ લાગે ત્યારે આપણે યોગનો સાચો હેતુ સમજતા થઈએ છીએ.

હવે ભગવાનને પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ એ જાણવું જરૂરી છે. આપણા અસ્તિત્વનો અને વિકાસનો મુળભૂત પાયો જ પ્રભુ છે. તેની હાજરીનો તણખો આપણા હૃદયમાં સતત જાગૃત હોય છે. આપણું સારભૂત મૂળઅસ્તિત્વ એટલે પ્રભુની હાજરી સતત અનુભવતી ચેતનાનો એક તણખો. તે પ્રકાશમય છે. આપણા અસ્તિત્વ અને હૃદયના ઉંડાણમાં શાંત, સ્થિર હોય છે, તેને જ આપણે આપણી સત્‌તા, આપણું સાચું અસ્તિત્વ કહીએ છીએ.

તે અસ્તિત્વને શ્રી અરવિંદ 'પ્રભુની હાજરી' કહે છે. તેની આસપાસ આપણા સ્વરૂપનાં શુદ્ધ, પ્રકાશમય તત્વોએ તે હાજરીમાં રહેલ સંકલ્પાનુસાર ઘાટ ધારણ કર્યાં હોય છે. આ સ્વરૂપને જ શ્રી અરવિંદ ચૈત્યપુરૂષ કહે છે. તે આપણાંમાંનો દિવ્યાંશ છે. તે પ્રભુનો જ અંશ છે. પ્રભુના નિષ્ક્રિય અને સક્રિય એમ બે પાસાં છે. તેમના નિષ્ક્રિય પાસાંનો અંશ એટલે પેલી 'હાજરી.' તેમના સક્રીય પાશાનો અંશ એટલે પેલી દિવ્ય-પ્રકાશમય રચના સ્વરૂપ ચૈત્યપુરૂષ. બન્ને મળીને પ્રભુનો દિવ્ય-અંશ બને છે. નિષ્ક્રિય અંશને આપણા શાસ્ત્રો 'જીવાત્મા' કહે છે. સક્રિય પાસાને દિવ્ય-પુરૂષ અથવા આત્મા. (મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ - ગીતા)

અંગ્રેજીમાં આત્માને જ Soul કહે છે. આ આપણો સનાતન અમર-અંશ છે.

આ દિવ્યાંશમાંનું ચૈત્યપુરૂષરૂપી સક્રિય-પાસુ સદા પેલી કેન્દ્રીય ''પ્રભુની હાજરી'' તરફ સમર્પિત હોય છે. તેની જ પ્રેરણાનુસાર વર્તે છે. તેના આ સતત

અનુભવાતા સમર્પણભાવને જ અભીપ્સા કહે છે. આપણે આપણા વિચારો, ભાવનાઓ અને કર્મોને આ અભીપ્સાના રંગે રંગવાના હોય છે. તે જ સાધના છે.

આ દિવ્ય રચના સમજાય પછી આપણને હવે સમજાશે કે પ્રભુ પ્રાપ્તિ માટે આપણે શું કરવું જરૂરી છે.

પેલી ચૈત્યપુરૂષની અભીપ્સા આપણા વિચારો, ભાવનાઓ, વિકારોના ધૂમાડા નીચે ઢંકાયેલા અગ્નિ જેવી બની ગઈ છે. ધુંધવાયેલા અગ્નિ જેવી બની ગઈ છે. જેમ ધુંધવાયેલા અગ્નિને પેટવવા ફૂંક મારવી પડે છે તેમ આ અભીપ્સાને ચેતવવા ઉપર જણાએલા દિવ્ય વિચારો ભાવનાઓ આપણે સતત ચેતવવા પડશે. વિકારોના ધૂમાડાને હઠાવવા આપણે તેમના અશુદ્ધ પ્રવાહને રોકવો પડશે. આ વિચારો, ભાવનાઓ, વિકારો નિરંકુશ બની મનફાવે તેમ મનની પસંદગી અનુસાર ચાલતા હોય છે. તેથી મનની જ શક્તિથી તેમના પ્રવાહને રોકવા પડશે. મન ચંચળ હોય તો આ અશુદ્ધ પ્રવાહ સતત ચાલ્યા જ કરશે. પણ મનને અંદરની પ્રભુની હાજરી અનુભવવાના સંકલ્પ બળે એકાગ્ર કરશો કે તરત આ પ્રવાહ અવરોધાશે. અશુદ્ધતા ઘટતી જશે. પ્રવાહ પાતળો પડશે. તેથી પ્રથમ પગલું છે આપણી માનસિક-ચેતનાને, મનને હ્રદયના કેન્દ્રમાં એકાગ્ર કરવી. આવતા વિચારોના પ્રવાહને સંકલ્પબળે 'મને આમાં રસ નથી' એમ કહીને તેની તરફ દુર્લક્ષ્ય કરવું. મારે 'પ્રભુની હાજરી જ'' અનુભવવી છે એવો આગ્રહ રાખવો આને કારણે આપણું મન ઉંડે ઉંડે ડૂબતું હોય, ઉંડે ઉતરતું હોય, એવો અનુભવ આપણને થશે.

આવો અનુભવ આવવાનું કારણ નીચે મુજબનું છે. આપણું મન સ્થુળ ભૌતિક-શરીરની શારીરિક ચેતના છોડી વધારેને વધારે શૂક્ષ્મ ચેતનાઓ-શૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય, મનોમય ચેતનાને પાર કરતી ચૈત્યપુરૂષ તરફનો પ્રવાસ ચાલુ રાખે છે. મનમાં માનસપ્રતિમાઓ જોવી એ શૂક્ષ્મ-પાર્થિવ-ચેતનાની કક્ષા છે. ભાવના તરંગો અનુભવવા એ પ્રાણમય-ચેતનાની કક્ષા છે. વિચારોનો પ્રવાહ અનુભવો એ મનોમય ચેતનાની કક્ષા છે.

ચૈત્યપુરૂષ આ ત્રણે કક્ષાએ પણ પ્રગટ થતો જ હોય છે. પણ તે વિકૃત રીતે પ્રગટ થાય છે. આમને જ શ્રી અરવિંદ શૂક્ષ્મ પાર્થિવ-પુરૂષ, પ્રાણમય-પુરૂષ અને મનોમય-પુરૂષ કહે છે. આ ત્રણે પુરૂષોની આ અશુદ્ધ અને મલીન અવસ્થા છે. ઉપર જણાવેલ અનુભવોને જ જે તે પુરૂષનો અનુભવ કહેવામાં આવે છે.

આ આપણા સ્વરૂપનું અશુદ્ધ સ્તર પાર કર્યા પછી આ જ પુરૂષોનું શુદ્ધ સ્તર



આવે છે. તેમાં ભૌતિક જીવનની મલીન વૃત્તિઓ પાછળ રહી ગએલી હોય છે અને શુદ્ધ વિચારો, શુદ્ધ-ભાવનાઓ અને શુદ્ધ માનસ-પ્રતિમાઓનો અનુભવ થવા માંડે છે. વિકારોની મલીનતા તેમાં હોતી નથી. આપણે શુદ્ધ ભક્તિભાવમાં તરબોળ હોઈએ એવું લાગે છે. શ્રી અરવિંદ આને 'આંતરપુરૂષોનો પ્રદેશ' તરીકે વર્ણવે છે. અહિં ચૈત્યપુરૂષનો પ્રકાશ મંદ સ્વરૂપે ફેલાએલો હોય છે. આ આંતર શૂક્ષ્મપાર્થિવ પુરૂષ આંતર પ્રાણમય પુરૂષ, આંતર મનોમય પુરૂષોનો પ્રદેશ છે. આ શુદ્ધ પુરૂષોનો પ્રદેશ છે. શુદ્ધ પુરૂષો એટલે દિવ્ય-પુરૂષો નહિં. આ હજી મનનો જ પ્રદેશ છે. દિવ્ય-પુરૂષો તો ચૈતસિક કક્ષાનાં હોય છે. સાધક એકાગ્રતાથી હજી વધારે ઉંડે ઉતરતો જાય છે. હવે દિવ્ય-પ્રદેશોમાં પ્રવેશે છે. ત્યાં આંતરિક-પ્રકાશ સર્વત્ર ફેલાએલો હોય છે. તેમાં પ્રવેશતા જ સાધકને દિવ્યદર્શનો થાય છે. જે દિવ્ય પાર્થિવ પુરૂષનું કાર્ય છે. દિવ્યભાવો અનુભવાય છે જે 'દિવ્ય પ્રાણમય' પુરૂષનું કાર્ય છે. દિવ્ય-વિચારો સ્વરૂપે આધ્યાત્મિક સત્યો પ્રગટ થાય છે, જે દિવ્ય-મનોમય પુરૂષનું કાર્ય છે. આ કક્ષાએ આપણે ચૈત્યપુરૂષનો સ્પર્શ અનુભવીએ છીએ. આપણે વસ્તુતઃ ચૈત્યપુરૂષના દિવ્ય-પ્રકૃતિમાં પ્રવેશેલાં હોઈએ છીએ. આ ચૈત્ય-પુરૂષનું સક્રિય પાસુ જ હોય છે.

હજી એકાગ્રતાથી આગળ વધીએ તો અસીમ પ્રકાશનો અનુભવ થાય છે. માતાજી તેને 'મહાપ્રકાશ' કહે છે. તેમાં પ્રભુની હાજરી અનુભવાતી હોય છે. આ ચૈત્યપુરૂષના નિષ્ક્રિય પાસાનો સાક્ષાત્કાર છે. આ જીવાત્માનો સાક્ષાત્કાર છે. આપણામાં રહેલ પ્રભુના અંશનો સાક્ષાત્કાર હોય છે.

ઉપર જે એકાગ્રતા વર્ણવી છે તે એકાગ્રતામાં ત્રણ ક્રિયાકલાપ સતત ચાલતા હોય છે. પ્રથમ પ્રભુને પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના સ્વરૂપ અભીપ્સા, બીજો, તે ઝંખનાને અવરોધતા વિચારો, ભાવનાઓ માનસ પ્રતિમાઓનો ત્યાગ, જેને શ્રી અરવિંદ 'પરિત્યાગ કહે છે તે, અને ત્રીજો આ સમગ્ર એકાગ્રતાની પ્રક્રિયામાં અનુભવતો પ્રભુનો દોરી-સંચાર અથવા દોરવણી જે આપણામાં સમર્પણનો ભાવ જગાડે છે..

એકાગ્રતાનું કોઈ બિન્દુ હોય છે તે ક્યાં હોવું જોઈએ તેની વિગતો આપતા શ્રી માતાજી જણાવે છે કે એકાગ્રતાના ત્રણ કેન્દ્રો છે. એક મસ્તકની ઉપરનું, બીજું ભ્રુમધ્યનું અને ત્રીજું હ્રદય-કેન્દ્રનું. દરેક કેન્દ્રની કેડી આધ્યાત્મિક-પ્રદેશોના જુદા જુદા ચેતનાના સ્વરૂપો કે કક્ષાઓ તરફ લઈ જાય છે. હ્રદય-કેન્દ્રમાંની એકાગ્રતા વ્યક્તિ-ચેતના સ્વરૂપ ચૈત્યપુરૂષ તરફ લઈ જાય છે, જેને ગીતા ક્ષરપુરૂષ કહે છે.

ભ્રુમધ્યના કેન્દ્ર ઉપરની એકાગ્રતા અસીમ, નિરાકાર નિષ્ક્રિય સાક્ષીભૂત ચેતના તરફ લઈ જાય છે, જેને ગીતા અક્ષર પુરૂષ કહે છે અથવા વિશ્વપુરૂષ કહે છે. જ્યારે મસ્તકના ઉપરનાં કેન્દ્ર ઉપરની એકાગ્રતા પરાત્પર પ્રભુ, પુરૂષોત્તમ તરફ લઈ જાય છે. જેને વિશ્વાતીત પુરૂષ કહેવામાં આવે છે. તે પુરૂષને અક્ષર અને ક્ષર પુરૂષ પોતાના બે પાસા સ્વરૂપ અનુભવાય છે. શ્રી અરવિંદ તેને 'અતિમનસ-ચેતના' કહે છે.

પૂર્ણયોગમાં આપણે હૃદય-કેન્દ્રથી શરૂઆત કરીને આગળ વધીએ છીએ. આપણી એકાગ્રતાનું કેન્દ્ર ધીમે ધીમે ઉપર ચડતું પ્રથમ ભ્રુમધ્યમાં અને છેલ્લે મસ્તકની ઉપર સ્થિર થઈ જાય છે. ત્યારે પરમ-ચેતના જ આપણને ઉર્ધ્વમાંથી, સંચાલિત કરતી પ્રત્યક્ષ અનુભવાય છે. ત્યારે આપણે સાચા અર્થમાં પ્રભુને સમર્પિત કરણ કે માધ્યમ બની જતા હોઈએ છીએ. આપણે પ્રભુના દિવ્ય-કાર્યના નિમિત્ત બની રહીએ છીએ.

' નિમિત્ત માત્ર ભવ સવ્યસાચિન્' આ ગીતાના ઉપદેશનો આ સાચો, ગહન અને આધ્યાત્મિક અર્થ છે.

**ભારતામાતા - કુપુત્રો જાયેત્ કવચિદપિ કુમાતા ન ભવતિ ।**

મા ભારતી, તેં તારા આ કોટી કોટી બાળકો માટે અમારી લાયકાત વગર પણ અનંત રીતે કાળજી વહી છે. તે અમને સ્વાતંત્ર્ય બક્ષ્યું. તે અમને શ્રી અરવિંદ આપ્યાં. ભગવતી મીરાંબા આપ્યાં. અનેક વિભૂતિઓ આપી. અધિમનસ અને અતિમનસનું અવતરણ આપ્યું. મા આ બધું લાયકાત વગર આપ્યું છે. કારણ આ બધી ઘટનાઓને અમે પચાવી શક્યા નથી. તો શું હવે હે માં, પ્રગતિનાં આગામી પગલા ભરતા તું અવઢવ અનુભવે છે. ક્યાંક તારા બાળકો ફરી નિર્વીર્ય સાબિત થાય તો એ ભયથી ? માં શું તારા અખૂટ ભંડારમાં વીરપુત્રો નથી રહ્યાં ? પણ માં, હું તો દિવ્ય-આત્માઓને ઉગતા જોઈ રહ્યો છું. ભલે આજે તેમણે પોતાની ક્ષમતાઓ ઢાંકી રાખી છે.



# શ્રી અરવિંદનું નૂતન યોગદર્શન

પ્રકરણ - ૨ ચાલુ

## પૂર્ણયોગના લક્ષણો-દિવ્ય રૂપાંતર

ગતાંકથી આગળ

- શ્રી જ્યોતિબેન થાનકી

**નવી ઉર્ધ્વ ભૂમિકાઓ :**

અત્યારના આપણાં જ્ઞાનનાં સાધન મનમાં તો જ્ઞાન અમૂર્ત વિચારો રૂપે આવે છે. વિચારોથી કંઈ પરમાત્માના પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી. એ માટે તો બે રસ્તા છે. એક મન સંપૂર્ણ શાંત અને નીરવ બની જવું જોઈએ. આવી શાંત અને નીરવ સ્થિતિમાં આત્માની અનુભૂતિ થાય છે, અને એ પછી આત્માની અભીપ્સાથી અતિમનસ પ્રકાશ આપણાં કરણોમાં ઊતરે છે.

બીજો રસ્તો છે, મને ઊર્ધ્વભૂમિકાઓમાં આરોહણ કરવાનો. અત્યારની પોતાની સામાન્ય ભૂમિકામાંથી મને ઉપર ઊઠવું જોઈએ. આ વિષે શ્રી અરવિંદે શિષ્યને પત્રમાં જણાવ્યું હતું કે બુદ્ધિની ભભકદાર દરિદ્રતામાંથી મન બહાર નીકળીને આગળ વધે છે. અને આગળ વધતાં તે ઉર્ધ્વમનનાં નિર્મળ પ્રદેશોમાં પહોંચે છે.

**ઊર્ધ્વમનની ભૂમિકા :** ઉર્ધ્વ મનની ભૂમિકામાં મનને સત્યનું જ્ઞાન હોય છે. જગતના પદાર્થોને જોવાની આધ્યાત્મિક સમજ હોય છે. તે ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશના સંપર્કમાં જરૂર આવે છે, પણ તે એ પ્રકાશને અને પ્રેરણાઓને પોતાની રીતે ગોઠવી દે છે. વળી તે સામાન્ય મનથી નજીક હોવાને લઈને આ પ્રેરણાનાં પ્રકાશમાં નીચેની વસ્તુઓની ભેળસેળ થઈ જવાની પૂરી શક્યતા રહે છે. ત્યાંથી પણ આગળ વધતાં બુદ્ધિના તેજસ્વી પ્રદેશોમાં મન પહોંચે છે. આ ભૂમિકા પ્રકાશિત મનની ભૂમિકા છે.

**પ્રકાશિત મનની ભૂમિકા :** આ ભૂમિકામાં મન પરમ સત્યનું સીધું દર્શન કરે છે. પણ તે આંશિક રૂપમાં હોય છે. આ મન અતિમનસ પ્રકાશ પ્રત્યે સીધેસીધું ખુલ્લું હોય છે. એટલે તે તેનાં કિરણોને ઝીલી શકે છે. પણ તેમ છતાં આ ભૂમિકા છે તો મનની જ. એટલે જે પ્રકાશ આપે છે, તે સ્થાયી હોતો નથી. જે દર્શન છે, તે પૂર્ણ હોતું નથી. એટલે આ ભૂમિકામાંથી પણ મને હજુ ઊપર ઊઠવાનું છે. તેની ઊર્ધ્વયાત્રામાં આગળ વધતાં મન સહજપ્રજ્ઞાના તેજોમય

પ્રદેશમાં પહોંચે છે.

**પ્રેરણાત્મક મનની ભૂમિકા :** આ ભૂમિકા ઘણી ઊંચી ભૂમિકા છે. આ સહજપ્રજ્ઞાનો પ્રકાશિત પ્રદેશ છે. અહીં મનુષ્યને પરમાત્મામાંથી સીધી પ્રેરણાઓ મળે છે, સ્વયં સ્ફૂરણાઓ થાય છે. આ સહજપ્રજ્ઞા એ કંઈ મનનું સર્જન નથી. અહીં મનોમય જગતનું કંઈ જ હોતું નથી. આ સહજપ્રજ્ઞા સ્વયં પ્રકાશિત છે, સત્યરૂપ છે. અતિમનસમાંથી આવતાં સીધાં પ્રકાશના કિરણો છે. પણ તેમ છતાં ય આ છે તો મનની જ ભૂમિકા, ભલે ઊંચેની હોય તો પણ આથી ઉપરથી આવતો સીધોપ્રકાશ પણ વિભાજીત થઈને આવે છે. વળી મનની ભૂમિકા હોઈને નીચેના મનની અશુદ્ધિઓ પણ આવી જવાની પૂરી શક્યતા રહે છે. આથી મને આ તેજોમય પ્રદેશમાંથી પણ આગળ જવાનું છે. આગળ આવે છે ઉજ્જવળ પ્રકાશની ભૂમિકા.

**અધિમનસની ભૂમિકા :** મનની ઊર્ધ્વયાત્રામાં આ મનની સર્વોચ્ચ ભૂમિકા છે. અહિં અતિમનસમાંથી જ સીધો પ્રકાશ આવે છે. અહીં વ્યક્તિ સત્યના અને પ્રકાશના દર્શન કરી શકે છે. આ ભૂમિકામાં પહોંચીને વ્યક્તિ મુક્તિ અને વિશાળતાનો અનુભવ કરી શકે છે. સર્જક શક્તિનો પણ અનુભવ કરી શકે છે. કોઈ મહાનધર્મની સ્થાપના કરી શકે છે. લાખો અનુયાયીઓ ઉભા કરી શકે છે. પરંતુ વ્યક્તિ પોતાનું દિવ્ય રૂપાંતર કરી શકતી નથી. અતિમનસમાંથી જ સીધો પ્રકાશ આવે છે, પણ આ ભૂમિકામાં આવીને એ સત્ય અને પ્રકાશ અનેક રૂપો અને ખંડોમાં વિભાજીત થઈ જાય છે. એમાંથી સર્જાય છે, દેવોનું વિવિધ શક્તિઓનું જગત. આમ અધિમનસની ભૂમિકા એ દેવોની સૃષ્ટિ છે. સઘળા દેવો અને શક્તિઓ એ પરમ સત્ય અને પ્રકાશના અંશોને ધારણ કરે છે. દરેક સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. છતાં પોતાના મૂળ સ્ત્રોત સાથે એ પરમ તત્ સાથે જોડાયેલાં હોઈને પરસ્પર સુમેળ - સંવાદિતામાં રહીને કાર્ય કરે છે. પરંતુ આ ભૂમિકામાં પણ પરમાત્માનું એ મૂળ સત્ય અને પ્રકાશ એનાં એ સ્વરૂપમાં રહેતાં નથી. એટલે આ ભૂમિકામાં પહોંચનાર મનુષ્ય પરમાત્માના પૂર્ણ સત્ય અને પ્રકાશને પ્રાપ્ત કરી શકતો નથી. એટલે જે આંશિક સત્ય ને પ્રકાશને પ્રાપ્ત કરે છે. એ રૂપાંતર કરી શકતા નથી. આથી મન, પ્રાણ અને દેહના દિવ્યરૂપાંતર કરવા માટે વ્યક્તિએ અધિમનસની ભૂમિકાથી પણ આગળ વધીને અતિમનસ ભૂમિકામાં પહોંચવું જોઈએ.



**અતિમનસ ભૂમિકા :** મનની ઊર્ધ્વયાત્રામાં મને પોતાનું મૂળ સ્થાન કે જ્યાંથી મનની શક્તિ પોતે જડતત્ત્વમાં આર્વિભાવ પામી હતી એ અતિમનસમાં પહોંચવાનું છે. જ્યારે મન આ ભૂમિકામાં આવે છે, ત્યારે મન પોતે જ પરમાત્માનાં એ પૂર્ણ પ્રકાશમાં પ્રકાશરૂપ બની જાય છે. એનું સ્વરૂપ તદ્દન બદલાઈ જાય છે. પછી એ મન આપણે જે મનને ઓળખીએ છીએ એ મન નથી રહેતું. એ પોતે અતિમનસ પ્રકાશથી જ્યોતિર્મય બની ગયું હોય છે. એ દિવ્યમન અજ્ઞાનરૂપ નથી પણ પોતે જ્ઞાનરૂપ, શક્તિરૂપ, પ્રકાશરૂપ, સત્યરૂપ છે. એટલે હવે તે ભેદના, અવિદ્યાના અને અજ્ઞાનના તત્ત્વોનું રૂપાંતર કરી શકે છે. અતિમનસ આર્વિભાવ પુસ્તકમાં શ્રી અરવિંદ કહે છે; ''જ્યાં સુધી આપણું મન અજ્ઞાનને વળગી રહેશે, ત્યાં સુધી આપણા ઊર્ધ્વગમનમાં અડચણો ઊભી થશે. પણ એક વખત આપણે આપણો વિકાસ ઋતચેતનાની અંદર પ્રાપ્ત કર્યો તે પછી આધ્યાત્મિક શક્તિ પોતે જ સર્વ કંઈ નક્કી કરશે. એ સત્યમાં આપણે સ્વતંત્રતા પ્રાપ્ત કરશું અને એ આપણાં મન, પ્રાણ અને શરીરનું રૂપાંતર કરશે.''

આમ જીવનના દિવ્ય રૂપાંતર માટે અતિમનસ શક્તિનું અવતરણ અનિવાર્ય બની રહે છે. મન જ્યારે આ અતિમનસ ચેતના પ્રત્યે ખુલ્લું થાય અને પછી એ ચેતના મન, પ્રાણ અને દેહમાં ઊતરે ત્યારે આ કરણો નિમ્ન પ્રકૃતિની પકડમાંથી ધીમે ધીમે મુક્ત થવા લાગે છે. શ્રી અરવિંદ કહે છે કે, ''આપણે એક પૂર્ણરૂપાંતર, શરીર અને તેની સર્વ પ્રવૃત્તિઓનું રૂપાંતર માગીએ છીએ. બીજું કંઈ પણ કાર્ય હાથમાં લઈએ તે પહેલાં આપણે ચેતનાનું રૂપાંતર કરી લેવાનું રહે છે.''

**રૂપાંતરની પ્રક્રિયાના ત્રણ તબક્કાઓ :**

રૂપાંતરની પ્રક્રિયા ક્રમશ : થાયછે. શ્રી અરવિંદે એના ત્રણ તબક્કાઓ વર્ણવ્યા છે. આ તબક્કાઓ એ દિવ્યચેતનાની જુદી જુદી અવસ્થાઓ છે.

**પ્રથમ છે,** ચૈતસિક રૂપાંતર : આ પ્રથમ તબક્કામાં આપણે આપણા આત્માની એટલે કે ચૈત્યપુરૂષની પ્રાપ્તિ કરવાની રહે છે. એ પછી આપણી પ્રકૃતિને એ ચૈત્યચેતના એટલે કે આપણી અંદર રહેલા પ્રભુના પ્રભાવ હેઠળ મૂકવાની રહે છે. આત્માના પ્રભાવથી ચેતનાના રૂપાંતરના પ્રથમ કાર્યની શરૂઆત થાય છે. આપણો આત્મા પરમાત્મા સાથે સતત સંપર્કમાં હોય છે. આથી આત્મા દ્વારા પરમાત્માની સીધી દોરવણી હેઠળ પ્રકૃતિનું રૂપાંતર સધાય છે.

**બીજી અવસ્થા છે,** આધ્યાત્મિક રૂપાંતર : આ બીજા તબક્કામાં રહેલી

વ્યક્તિમાં રહેલી ચૈત્ય ચેતના વૈશ્વિક ચેતના સાથે એકરૂપ બની જાય છે. એટલે પછી તેમાં અલગ વ્યક્તિત્ત્વનો લોપ થઈ જાય છે. વ્યક્તિ પોતે વૈશ્વિક ચેતનાનો એક અંશ બની રહે છે. શ્રી અરવિંદ કહે છે કે, આ અવસ્થામાં બધી જ વસ્તુઓ વિશ્વરૂપ ચેતનામાં ડૂબી ગઈ હોય છે.

**ત્રીજી અવસ્થા છે,** અતિમનસ રૂપાંતર : આ ત્રીજા તબક્કામાં પરાત્પરની પરમ ચેતનામાં બધી વસ્તુઓ રૂપાંતરિત થઈ જાય છે. વિજ્ઞાનમય ચેતનામાં અતિમાનસિક રીતે બધું બદલાઈ જાય છે. શ્રી અરવિંદ કહે છે કે, આમાંની આ છેલ્લી અવસ્થા સિદ્ધ થાય ત્યારે જ મન, પ્રાણ અને શરીરના સંપૂર્ણ રૂપાંતરની શરૂઆત થાય છે. સંપૂર્ણતાના મારા અર્થમાં..

આ રીતે પૂર્ણરૂપાંતર માટે ચૈતસિક, વૈશ્વિક અને અતિમાનસિક અવસ્થાઓ સિદ્ધ કર્યા પછી જ દેહ, પ્રાણ અને મનના ગુણધર્મો બદલવાની અને તેને દિવ્યતામાં ઢાળવાની શરૂઆત થાય છે. એટલે ચૈત્યચેતનાનું ઉદ્દઘાટન, અને આત્મસાક્ષાત્કાર, વૈશ્વિક ચેતના સાથેનું ઐક્ય, અતિમનસ ચેતનાનું અવતરણ અને પછી એ શક્તિ દ્વારા મન, પ્રાણ અને દેહને નિમ્ન પ્રકૃતિમાંથી મુક્ત કરી પ્રભુની દિવ્ય પ્રકૃતિમાં પલટાવવાની પ્રક્રિયા. આ જ છે પૂર્ણ રૂપાંતરના સોપાનો.

---

(પાના ૨૨ ઉપરથી - **આગામી ભાવિ.....**)

ભૌતિકવાદીઓની જેમ ફક્ત ભૌતિક અને અધ્યાત્મિકવાદીઓની જેમ ફક્ત આત્માનો વિકાસ જ મહત્વનો છે એમ ન માનવું જોઈએ. અંતે આત્માને પણ ભૌતિક કક્ષાએ જ પ્રગટ થવું છે ને ? બન્ને એક બીજાના પુરક છે અને ઉર્ધ્વ ચેતનાની કક્ષાએ તો એકરૂપ છે. આપણે વિકાસ સંતુલિત બને, સર્વ તત્વોનો બને, તે બધામાં સંવાદિતા રચાય જેથી આત્મતત્વને તેની દ્વારા પ્રગટ થવું સરળ બને, એ સાચી ભૂમિકા છે.

પૂર્ણયોગનો આ જ તો મૂળ સિદ્ધાંત છે. બધે ચેતનાને વિકાસ કરતા જુઓ અને તે વિકાસ સર્વાંગી અને સુસંવાદમય બને તેવો પ્રયત્ન કરો. અંતે ચેતનાની સર્વોચ્ચ કક્ષાએ સ્થિર થઈ જગતનાં કાર્યો કરતાં કરતાં દિવ્ય-જીવનને અનુભવો. જુઓ - તંત્રી)



# બાળ-વિભાગ

## જીવનની કળા

(સાભાર - સુંદરકથાઓ પેજ- ૧૧-૧૨)

- માન

''મમ્મી, મને વાર્તા કહેને...''

ચાલ, હું શાક વિણતી જાઉં અને તને વાર્તા પણ કહું. પણ બેટા, મને એક વાત કહે. તને ગણીતના શિક્ષકે ગઈ કાલે શું શિખવ્યું ?

''મમ્મી, મને અમારા ગણીતના શિક્ષકે કહ્યું,'' એકડા ઉપર જેમ મીંડા ચડતા જાય તેમ એકડાની કિંમત વધતી જાય. કોઈ મીંડું ન હોય તો એકની કિંમત એક જ હોય છે. પણ એક મીંડું ચડે તો એકની કિંમત નવ વધે. બે ચડે તો નવ્વાણું વધે અને ત્રણ ચડે તો નવસોને નવ્વાણું વધે. આમ કિંમત વધતી જ જાય. પણ એકના પાછળ મીંડા ચડે તો એકની કિંમત એક નવમાંશ, બે ચડે તો નવ્વાણું શતાંશ અને ત્રણ ચડે તો નવસોને નવ્વાણું સહસ્ત્રાંશ. ઘટતી જ જાય.

''હા બેટા, તારા ટીચરે તને ગણીત બરાબર શિખવ્યું. ગૌતમ બુદ્ધે પણ આજ ગણીત એક યુવાનને શિખવેલું. તારે શિખવું છે ?''

''હા, મમ્મી, મારે પણ શિખવું છે.''

બેટા, ઘણા વર્ષો પહેલાની વાત છેઃ એક યુવાનમાં નવું નવું શિખવાની ઈચ્છા બહુ. તે નવું દેખે કે તરત શીખી જ લે. તેણે વિવિધ કળાઓનું જ્ઞાન મેળવવા દેશ પરદેશની યાત્રા ખેડી. કોઈ પાસેથી તીર બનાવતા શિખ્યો. કોઈ પાસેથી હોડી બનાવતા, તો કોઈ પાસેથી મકાન બાંધતા. દેશ પરદેશની સોળ કળા શીખી તે ઘેરે આવ્યો. તેને પોતે જ્ઞાની હોવાનું ખૂબજ અભિમાન. પોતાની પાછળ તેણે અનેક કળામાં પારંગત હોવાની ડીગ્રી લગાડી. તે બધા સાથે તોછડાઈથી વર્તવા લાગ્યો. બધા તેને ટાળવા લાગ્યાં, અભિમાની તરીકે તે વિખ્યાત થઈ ગયો.

એક વખત દેશપર્યટન કરતા કરતાં ભગવાન બુદ્ધ તે ગામનાં ભાગોળે આવ્યાં. રાત્રે સંઘે એક બગીચામાં રાતવાસો કર્યો. બીજે દિવસે સવારે લોકોએ આ અભિમાનીની વાત કહી. ગૌતમબુદ્ધે તેને ત્યાં જ ભીક્ષા માગવાનો નિર્ણય લીધો.

બપોરે ગૌતમબુદ્ધ તેને દ્વારે હાજર થયા અને બોલ્યાં ''ભિક્ષાં દેહિ''. તે યુવાન બહાર આવ્યો. ગૌતમબુદ્ધને નિરખ્યાં અને બોલ્યો.

''ભિક્ષુક, દેખાવ ઉપરથી તો, રાજકુમાર જેવા લાગો છો, પણ તમારું મન દરિદ્રી છે : ખાલીખમ છે. મારા જેવી સોળ વિદ્યા શિખો. ભિક્ષા નહિં માંગવી પડે.''

''વત્સ, તું શું ભણ્યો છે?.''

યુવાને અભિમાનથી વાત કરી.

ઓ... હો વત્સ, પણ આ વિદ્યાઓમાં તો હું પારંગત છું. પણ મારી પાસે એક એવી વિદ્યા છે જે તું જાણતો નથી. જાણવી છે?''

યુવક અવિશ્વાસથી બોલ્યો, ''એવી કઈ બહુમોલ વિદ્યા આપ પાસે છે ? જણાવશો?''

''હા, તે વિદ્યા લઈને તો હું બધાને આપવા નિકળ્યો છું. તે વિદ્યાનું નામ છે જીવનની કળા''

''ચાલ ત્યારે, મને અહિં તો ભીક્ષા મળવાની શક્યતા નથી. તારું ભલું થાઓ વત્સ,''

''પણ ભંતે, મને તે વિદ્યા તો શિખવો?''

જરૂર, પણ તે માટે તારે ગામના ભાગોળેનાં બગીચામાં આવવું પડશે. ઈચ્છા થાય તો જરૂર આવજે.

''પણ ભંતે આપ આજે મારે ત્યાંથી જ ભીક્ષા લો'' યુવાન દોડતો ગયો અને ખૂબ ભીક્ષા લઈ આવ્યો.

''પણ વત્સ મને તો આ એક ટંકની જ જરૂર છે તેટલું જ આપ.''

યુવાને તેમની વિનંતી અનુસાર એક ટંકનું આપ્યું. ભગવાન બુદ્ધે આશિર્વાદ આપ્યાં અને પાછા વળ્યાં.

યુવાન આખી રાત પડખા ઘસતો રહ્યો, માંડ સવાર પડી. નાહીધોહી તૈયાર થઈ ગામના ભાગોળે પહોંચી ગયો. ત્યાં જનમેદની જોઈને તેનું અભિમાન ઓસરવા લાગ્યું. નમ્ર બનતો ગયો.

બધા શાંતિથી બેઠા પછી ગૌતમબુદ્ધે ઉપદેશ આપ્યો, બોલ્યા. ''જેમ જેમ તમે સંસારની વિદ્યા શિખશો તેમ તેમ તમારું અભિમાન વધશે અને તમે સત્યથી આઘા ખસતા જશો. તમારી કિંમત ઘટતી જશે. પણ જો તમે જે એક જ સત્ય છે તેને



વળગી રહેશો અને સાથે સાથે સાંસારીક-વિદ્યાઓ પણ શિખશો તો તમે નમ્ર બની સત્યની વધારે ને વધારે પાસે ખસતા જશો અને તમારું સાચું મુલ્ય વધશે. જીવનને સમજો, તેને શુદ્ધ રાખો; સાચા નિર્લેપ ભાવમાં રહો; તો જીવનની કળા તમે શિખી શકશો. તમે તમારી કળાઓનો ફાયદો લચેલાં વૃક્ષની જેમ સમાજને પ્રેમથી આપશો. જીવનકળા વગરની અન્યકળાઓ એટલે ઉંચાં તાડ વૃક્ષને લાગેલાં ફળ. તે વૃક્ષ ન છાંયો આપે, ન ફળ, વ્યર્થ છે તેનું જીવન!''

યુવાન શ્રોતાઓમાં બેઠો બેઠો હિબકે હિબકે રોઈ રહ્યો હતો. જીવનની કળાએ તેના હૃદયમાં પગપેસારો કર્યો.

''મમ્મી, હું પણ ભગવાન બુદ્ધની જેમ જીવનની કળા શિખીશ. મને શિખવીશને મમ્મી?''

''હા, બેટા''

''પ્રોમીસ''

''પ્રોમીસ-બેટા''

''તો બેટા પહેલો પાઠ ભણ. બધામાં પ્રભુ બેઠેલાં છે તેથી બધા સાથે આદરથી રહેજે. તારી અંદર બેસેલા પ્રભુ તારી દરેક ગતિવિધિ જાણે છે તેથી દરેક કર્મમાં પ્રામાણિક અને પારદર્શક રહેજે.

સરળ બનજે બેટા સરળ. ભુનો બાળ બનીને રહેજે.''

## અમારા કેન્દ્રની સામુહિક અભીપ્સા

હે પ્રભુ, અમારાં હૃદયોમાં તારા પ્રેમની પાવક જ્વાલા નિર્ધૂમ જલતી રહે તે તારી દિવ્ય-શક્તિઓનો ચોદિશ રેલાવાનું કેન્દ્ર બની રહે. અમારા પ્રયત્નો વિજયશાલી બને અને સહજ-સત્સંગનો દરેક અંક વાંચક માટે ઘરબેઠા એક સાધના-શિબિરનો હેતૂ સારે, તે દ્વારા મા તારી દિવ્ય શક્તિ કાર્ય કરે.

જગન્માતા, તારા વરદ હસ્ત મસ્તકે છે તો પછી અમે શા માટે આ બાબત શંકા સેવીએ. એવા આત્માઓને મોકલ જે યજ્ઞના ઋત્વિજ બની રહે. અમે તેમને આવકારીએ છીએ. -જગન્માતાના બાળક તરીકે.

# રસાસ્વાદ
## The Universal Incarnation

- માન

I PASSED into a lucent still abode
And saw as in a mirror crystalline
An ancient Force ascending serpentine
Of the ascending[1] spirals of the aeonic road.
Earth was a cradle for the arriving God
And man but a half-dark half-luminous sign
Of the transition of the veiled Divine
From Matter's sleep and the tormented load
Of ignorant life and death to the Spirit's light.
Mind liberated swam Light's ocean-vast,
And life escaped from its grey tortured line
I saw Matter illumining its parent Night.
The soul could feel into infinity cast,
Timeless God-bliss the heart incarnadine.

શ્રી અરવિંદ વિકસતા જગતને એક દિવ્ય-સંકલ્પને કારણે ઉત્ક્રાંત થતું જગત તરીકે નિહાળે છે. આજના ભૌતિક વિજ્ઞાનીઓ પાર્થિવ તત્વમાંથી જીવન અને મનને ઉક્રાંત થએલાં ગણે છે. પરંતુ આ સત્ય હોવા છતાં તે એક આંશિક-દર્શન છે. ખરેખર તો અસીમ-ચેતના જ આ બ્રહ્માંડનો મૂલભૂત પદાર્થ છે અને તેણે જ સ્વેચ્છાએ જડ પાર્થિવ તત્વરૂપે પોતે થીજી ગએલું, ઘનીભૂત, એવું રૂપ લીધું છે અને તે બાદ જેમ થીજેલું ઘી ધીમે ધીમે ઓગળે અને પ્રવાહી, વાયુરૂપ અને તેથી પણ શૂક્ષ્મ બનતું જાય તેમ આ જડ પાર્થિવ તત્વમાંથી જીવન ઉત્ક્રાંત થઈ રહ્યું છે. આમ શ્રી અરવિંદ પ્રથમ નિમ્ન અવતરણરૂપ અવક્રાંતિ અને તે બાદ ઉર્ધ્વ ગમન રૂપ ઉત્ક્રાંતિ માન્ય કરીને કાલ-ચક્રનું સંપૂર્ણ સ્વરૂપ સમજાવે છે.

શ્રી અરવિંદે ઉત્ક્રાંતિ ઉપર બે સોનેટ લખેલાં છે. પ્રથમ સોનેટમાં સાધકની



અંદર ચાલતી ઉત્ક્રાંતિ અને તે દરમિયાન આવતી અનુભૂતિઓનું વર્ણન કરેલ છે. જ્યારે બીજા સોનેટમાં સમસ્ત પ્રકૃતિમાં કેવી રીતે વૈશ્વિક ઉત્ક્રાંતિ થઈ રહી છે. તેની ઝાંખી કરાવી છે.

આ સોનેટમાં શ્રી અરવિંદ જણાવે છે કે ધ્યાનાવસ્થામાં તે પોતે પ્રથમ એક ખૂબજ સુખદ, નિરવ એવા (lucent still) ચિદાકાશમાં પ્રવેશતા અનુભવે છે. ઉપનિષદો પણ કહે છે કે ‘ધર્મસ્ય તત્વં નિહિતં ગુહાયામ્’ - અર્થાત સનાતન ધર્મ સ્વરૂપા અધ્યાત્મવિદ્યાનું મૂળ સ્વરૂપ તો હૃદયરૂપી ગુફામાં (abode) ચિદાકાશમાં પ્રવેશ્યા બાદ જ ઉકેલાય છે, અનુભવાય છે.

શ્રી અરવિંદની ચેતના હૃદયાકાશમાં શાંત નિરવ થઈ ગયેલ છે તેથી કોઈ પણ આંતરિક સંવેદનો ખૂબજ સ્પષ્ટ રીતે તેઓ અનુભવી શકે છે. તેમને સ્વચ્છ સ્ફટીક સમ અરીસામાં જેમ આપણું પ્રતિબિંબ જણાય તેમ અનુભવાય છે કે તેમના સ્વરૂપમાંપહેલાથી જ સ્થાપિત થએલી (પુરોહિત) એવી એક પુરાતન શક્તિ - કુંડલિની - મૂલાધારથી સર્પાકાર ગતીએ ઉર્ધ્વમાં ચડી રહી છે. (serpentine) સર્પ જેમ થાંભલે ચડતી વખતે થાંભલાને વિટળાઈને ચક્રાકાર ગતિથી ઉપર ચડે છે. તેમ આ દિવ્ય-શક્તિ ઉપર ચડતી હતી. તેની આ ચક્રાકાર ગતિને કારણે જ તેને કુંડલિની - કુંડાળા રચી ઉર્ધ્વ ગમન કરતી શક્તિ (Spirals) કહેવામાં આવે છે. આ ઉર્ધ્વગતિ ધીમે ધીમે થતી હોય છે. કુંડલિનીને ઉપર ચડવામાં કોઈ ઉતાવળ લાગતી નથી. તેનો માર્ગપણ ઉર્ધ્વમાં ચક્રાકાર ગતિથી ચડતો મસ્તકની ઉર્ધ્વમાં અલોપ પામે છે.

કુંડલિની ઉર્ધ્વમાં સહસ્ત્રારમાં ગયાં પછી ત્યાં શિવ-તત્વ સાથે અસીમ નિરવ ચેતનામાં લય પામે છે અને પોતે તે ચેતના સ્વરૂપ થઈ જાય છે. ત્યાંથી પછી તે જ્યારે નીચે અવતરણ કરે છે ત્યારે દિવ્ય-શક્તિઓની વર્ષાને સાથે લઈ આવે છે. આ વર્ષા સાધકના આધારને - મન, પ્રાણ, શરીરને દિવ્ય કરવા માટે થતી હોય છે. જેમ વર્ષા બાદ પૃથ્વી ચેતનવંતી અને પ્રસન્ન લાગે છે. તેમ આ દિવ્ય-શક્તિઓની અમૃત-વર્ષા બાદ સાધકનો આધાર રૂપાંતરિત થઈને દિવ્ય બને છે. રૂપાંતર પહેલાનું શરીર તો ભવિષ્યમાં આગમન કરનારાં દેવનું પાળણું હતું. (Cradle) સાધકના હૃદયસ્થ પરમપ્રભુ હજી લાલા સ્વરૂપ હતા. તેમનાં માટેનું તે ઝુલણું હતું, પણ હવે તે આત્મતત્વ વધારે બળવાન અને પુષ્ટ થઈને

પ્રકટ થવા માંડે છે. પરંતુ આ પ્રકટીકરણ અસ્થાયિ હોય છે, કાયમી હોતું નથી. જ્યારે આતમ-દેવ પ્રકટ થાય છે, પોતાનો પ્રભાવ શરીર ઉપર પાથરે છે, ત્યારે સાધક પોતાની ચેતનામાં પ્રકાશ, આનંદ, તૃપ્તિ અનુભવે છે. પણ જ્યારે તે નિવૃત થઈને ઉંડાણમાં જતો રહે છે. ત્યારે સાધકને પોતાની પ્રકૃતિ તમોગ્રસ્ત અને જડ ભાસે છે. (veiled Divine) આ ધૂપછાંવ સતત ચાલતી જ હોય છે. ચૈત્યપુરૂષના અગ્રભાગે આવવા અથવા ઉંડાણમાં જતા રહેવાની ઘટના ઉપર આ બધો આધાર રાખે છે.

જેમ જેમ ચૈત્યપુરૂષ શરીરની તમોગ્રસ્ત પ્રાણના આવેગના દબાણો અને અજ્ઞાનમય જીવનના પ્રભાવથી મુક્ત થતો જાય છે, મૃત્યુના ઓછાયામાંથી મુક્ત થતો જાય છે, પોતાને અવિનાશી અને સનાતન તત્વ તરીકે અનુભવે છે; તેમ તેમ તે ચૈત્યપુરૂષ આત્માના પ્રકાશમાં રહેતાં શિખે છે. પ્રકાશિત ચેતનામાં સ્થિર થતાં શિખે છે. તેને લીધે તેનું મન સંકુચિત વિચારો અને વિકારોના વમળોમાંથી મુક્ત થઈને અસીમ પ્રકાશમય ચેતનામાં વિલીન થતું જાય છે. (light's ocean-vast) ઉન્મની અવસ્થા સધાય છે મનોનાશ થયાના ચિન્હો દેખાવા માંડે છે. આ પ્રકાશ પ્રાણમાં ઉતરતાં જીવન જે ઘરેડથી બદ્ધ હતું, નાશિપાસ થએલું હતું, બોજીલું હતું (greytortured line) તેમાં પ્રસન્ન્તા અને આનંદ છવાઈ જાય છે. સાધકનું પાર્થિવ શરીર પણ આ પ્રકાશને પોતાના શારીરિક કોષોમાં સંગ્રહવા માંડે છે અને તેથી હલકું ફૂલકું અને નમનીય બને છે.

શ્રી અરવિંદ આ બધી જ અનુભૂતીઓને અનુભવે છે અને જણાવે છે કે આ દિવ્યપ્રકાશ પાર્થિવ-શરીર દ્વારા પછી અચેતનમાં પણ ઉતરે છે. અચિત્પણ રૂપાંતરીત થઈને પ્રકાશિત-ચેતના સ્વરૂપ બની જાય છે. (parent Night) આ રીતે શ્રી અરવિંદને અસીમતાની અનુભૂતી આવે છે. હૃદયમાં પરમપ્રભુનો અત્યાનંદ ઉતરી આવે છે અને તે આનંદ ફરી અલોપ ન થતાં કાયમી સ્વરૂપે સ્થાયી બની જાય છે. જાણે સાધકના હૃદયમાં સાકાર આનંદ નર્તન કરતો હોય એવું અનુભવાય છે. આ આનંદમાં અન્ય માટે કરૂણા અને પ્રેમનું દિવ્ય ઝરણું વહેવા માંડે છે. (God bliss)

❋ ❋ ❋



# વૈદિક છંદો

પ્રકરણ - ૨

- માન

યજુર્વેદના ૧૫માં મંડલમાંના મંત્ર ૪ અને ૫ માં છંદો બાબત નીચે મુજબનું વર્ણન જોવા મળે છે.

''એવશ્છંદ, વરિવ શ્છંદઃ શંભૂ શ્છંદ, પરિભુ શ્છંદઃ, આચ્છા શ્છંદઃ, મન શ્છંદઃ, વ્યચ શ્છંદઃ, સિંધુ શ્છંદઃ, સમુદ્ર શ્છંદઃ, સરિરં છંદઃ, અકુપં છંદઃ, અક્ષરપંક્તિ છંદઃ, પદપંકિત છંદઃ, વિષ્ટાર પંકિત છંદઃ, ક્ષરોભ્રજ શ્છંદઃ ।।૪।।

આચ્છચ્છંદઃ પ્રચ્છચ્છંદઃ સંપતછંદઃ વિશદછંદઃ બૃદતછંદઃ રથન્તચ્છંદઃ નિકાયછંદઃ વિવિધશ્છંદઃ ગિરશ્છંદઃ ભ્રજશ્છંદઃ સંસ્તુપછંદઃ અનુષ્ટુપછંદઃ એવશ્છંદો વરિવશ્છંદઃ વયધ્છંદઃ વયસ્કૃશ્છંદઃ દુરોહણં છંદઃ તન્દ્રં છંદો અકાકં છંદઃ ।।૫।।

શતપથ બ્રાહ્મણમાં આ રૂચાનો અર્થ નીચેના સૂત્રોથી દર્શાવ્યો છે.

સૂત્ર ૮-૫-૨ ૩ માં દરેક છંદ (આંદોલન)ની વિશેષતા જણાવી છે.

(૧) અયં વૈ લોક એવશ્છંદઃ - આ લોક કંપન સ્વરૂપ જ છે. અર્થાત છંદોમય જ છે.

(૨) અંતરિક્ષ વૈ વરિવશ્છંદ - અંતરિક્ષના કંપનોને જ વરિવ છંદ કહે છે. આપણા ભૌતિક શરીરને વેદોમાં ''લોક'' અથવા મર્ત્યલોક અથવા ભૂલોક કહે છે. આપણા શરીરની આજુબાજુના ઑરાને - તેજોવલયને દ્યૌ લોક કહે છે અને તેની બહારનાં અવકાશને અંતરીક્ષ લોક કહે છે. શરીરમાંના તેજ ને અગ્નિ, ઑરામાંના તેજ ને દ્યૌ અથવા વિદ્યુત્ અને અંતરીક્ષમાંના તેજ ને સૂર્ય તરીકે વેદો વર્ણવતાં હોય છે.

(૩) દ્યૌ વૈં શંભૂશ્છંદ - શરીરના ઑરામાંના કંપનો એ જ શંભૂ-છંદ કહે છે. જે સતત સ્વયંભૂ રીતે નિર્માણ થતા હોય છે.

(૪) દિશા વૈ પરિભૂ છંદઃ - ઑરા બહારનાં સર્વ દિશાઓમાં ફેલાતાં કંપનોને પરિભૂ છંદ કહે છે. પરિભૂ એટલે આજુબાજુ ફેલાતાં.

(૫) અન્નં વૈ આચ્છચ્છંદઃ - આ અન્નમય કોષ સ્વરૂપ ભૌતિક શરીરમાંના કંપનો એ જ આ ચ્છદ્ - છંદ છે. આચ્છાદન સ્વરૂપ છે.

(૬) પ્રજાપતિ વૈ મનશ્છંદઃ - મનોરાજ્ય નિર્માણ કરનારા મનને પ્રજાપતિ કહેવામાં આવે છે. કારણ માનસિક પ્રતિમાઓ એ મનની જ પ્રજા અર્થાત ઉપજ હોય છે. તેથી આ રીતે કલ્પનાચિત્રો નિર્માણ કરતાં મનનાં કંપનોને મનચ્છંદ કહેવામાં આવે છે.

(૭) અસૌ વા આદિત્યો વ્યચશ્છંદઃ - આ અંતરીક્ષમાંના તેજ માં નિર્માણ થતાં કંપનોને જ વ્યચ - છંદ કહેવામાં આવે છે. વ્યચ એટલે શરીમાંથી વિસર્જીત કરાએલાં આંદોલનો

સૂત્ર ક્રમાંક ૮-૫-૨-૪માં નીચે મુજબના અર્થ આપેલાં છે.

(૮) પ્રાણો વૈ સિન્ધુશ્છંદઃ - વૈશ્વિક પ્રાણશક્તિના કંપનો ને જ સિન્ધુ-છંદ કહેવામાં આવે છે. સિંધુ એટલે અફાટ સાગર. પ્રાણના મહાસાગરનાં આંદોલનો.

(૯) મનો વૈ સમુદ્રશ્છંદઃ - મનમાં આવતા વિચારોના કંપનોને સમુદ્ર-છંદ કહેવામાં આવે છે. તે સમુદ્રની લહેરની જેમ વિશ્વમાં ફેલાય છે.

(૧૦) વાગ્વૈ સરિશ્છંદઃ - સ્થૂળ ભૌતિક રીતે સંભળાતી વૈખરી વાણીના કંપનોને સરિચ્છંદ કહેવામાં આવે છે. સરી એટલે વિલીન થતાં સરી જતાં.

(૧૧) પ્રાણો વૈ કકુપ છંદઃ - વ્યક્તિગત પ્રાણના કંપનોને કકુપ-છંદ કહેવામાં આવે છે જેમ કુવામાંનાં પાણીમાં (કુપ) વલયાકાર તરંગો નિર્માણ થાય છે. તેમ આપણા વિશિષ્ટ સ્વરૂપમાંના વિશિષ્ટ પ્રાણનાં કંપનોને કકુપ-છંદ કહેવામાં આવે છે.

(૧૨) ઉધનો વૈ ત્રિષ્ટુપ છંદઃ - ઉદાનવાયૂના કંપનોને ત્રિષ્ટુપ-છંદ કહેવામાં આવે છે. કારણ તે પ્રાણ અપાન વ્યાન આ ત્રણ દ્વારા કાર્ય કરે છે.

(૧૩) ઋષિ વૈ વિદ્યા કાવ્ય છંદો : ત્રણવેદમાં જણ્વેલી યોગવિદ્યાથી નિર્માણ થતાં મન-પ્રાણ-શરીરનાં કંપનોને સામુહિક રીતે કાવ્ય-છંદ કહે છે ‘કવ્ય’ એટલે પરમપ્રભુનો દરેક વ્યક્તિ માટે હોએલો ખાસ સંકલ્પ. તે સંકલ્પ જ્યારે મન, પ્રાણ શરીરમાં અવતરણ પામે છે ત્યારે જે આનંદ-ઉર્મિમય રોમાંચક કંપનો સાધક અનુભવે છે, તેને સામુહિક રીતે ‘કાવ્ય છંદ’ કહેવામાં આવે છે.

(૧૪) અ સૌ વૈ લોકો અક્ષરપંકિત છંદ : અસૌ વૈ લોકો પદપંકિત છંદ : આ ભૌતિક વિશ્વમાં થતાં કંપનોને અક્ષર પંકિત અને પદપંકિત છંદ કહેવામાં આવે છે. વિશ્વ પ્રવાહી નિત્ય છે અર્થાત નદીના પ્રવાહની જેમ સતત ગતિમાન



અને બદલાતું હોવા છતાં આપણે તેને અનંતવર્ષોનો એમ કહીએ છીએ તેમ આ ભૌતિક વિશ્વ હરક્ષણે બદલાતું હોવા છતાં નિત્ય છે. (અ+ક્ષર) નાશ રહિત છે. તેમાં જેમ કાવ્યપંકિતમાં એક પછી એક જુદા વર્ણો અને સ્વરો પસાર થતા હોવા છતાં પંકિત તો એક જ કહેવાય છે, તેમ જગતમાં વિવિધ ઘટનાઓની હારમાળા સતત ચાલતી હોવા છતાં સામૂહિક રીતે તે તેનાં કાયમી કંપનો છે માટે તે પંકિત છેદ કહેવામાં આવે છે.

(૧૫) અ સૌ વાં આદિત્ય : ક્ષુરોભ્રજ શ્છંદ : આ સૂર્યના કંપનો ને ક્ષુરોભ્રજ છંદ કહેવામાં આવે છે. કારણ તે અસ્તરાની ધારની જેવા તીક્ષ્ણ હોય છે.

(૧૬) અન્નં વા આચ્છચ્છંદઃ । અન્નમાંથી નિકળતાં કંપનોને આચ્છદ્ - છંદ અથવા પ્રચ્છદ છંદ કહે છે કારણ તે કંપનોથી નિર્માણ થએલ શરીર આપણા આત્માને ઢાંકી દે છે. આચ્છાદિત કરી દે છે, પ્રચ્છાદિત કરી દે છે.

(૧૭) રાત્રિ વૈ સંયત્છંદ : । તમસ, અથવા અચિત્ના કંપનોને સંયત્-છંદ કહે છે. કારણ તે આત્માની શક્તિઓને કુંઠીત કરે છે સંયમમાં રાખે છે, મર્યાદિત કરી નાખે છે.

(૧૮) અહ વૈ વિયચ્છંદઃ । આત્મપ્રકાશ (અહ) અથવા આત્મપ્રભાના કંપનોને વિયત્-છંદ કહે છે. વિયત્- એટલે આકાશ આ કંપનો આત્માને સર્વવ્યાપિ આકાશની જેમ અસીમ બનાવી દે છે અમર્યાદ બનાવે છે, સર્વવ્યાપિ બનાવે છે.

(૧૯) અ સૌ વૈ લોકો બૃહદ્ છંદઃ । આ સંપૂર્ણ બ્રહ્માંડનાં કંપનોને બૃહદ્-છંદ કહે છે. બૃહદ્ એટલે ખૂબજ વ્યાપક આ વિશ્વ ખુબ વિસ્તારમાં વ્યાપેલું છે.

સતપથ બ્રાહ્મણનાં ૮-૫-૨-૫નાં સૂત્રોનો અર્થ નીચે મુજબ થાય છે.

(૨૦) અયં વૈ લોકો રથન્તર છંદઃ। આ બ્રહ્માંડના કંપનોને રથન્તર - છંદ પણ કહેવામાં આવે છે. રથન્તરનો અર્થ જુદા પ્રકારનાં કંપનો. મૂળ દિવ્ય-કંપનોનું સ્વરૂપ શુદ્ધ પ્રકાશમય અને આનંદમય હોય છે. પણ આ વિશ્વનાં કંપનો અશુદ્ધ વિકૃત, તમોગ્રસ્ત અને દુઃખમય હોવાથી તે મૂળ કંપનો કરતાં જુદા સ્વરૂપનાં અનુભવાય છે.

(૨૧) વાયુ વૈં નિકાયચ્છંદઃ। શ્વાસોશ્વાસના કંપનોને નિકાય-છંદ

કહે છે. નિકાય એટલે નિઃશેષ કાયામાં ફેલાતાં અર્થાત સંપૂર્ણ કાયાનાં વ્યાપિ જતાં કંપનો.

(૨૨) અન્તરિક્ષં વૈ વિવિધશ્છંદઃ। આપણા શરીરના ઑરાના પ્રદેશને વેદો અન્તરીક્ષ તરીકે વર્ણવતા હોય છે. ઑરાના પ્રદેશના કંપનોને વિવિધછંદ કહે છે, કારણ ત્યાં એક જ સમયે વિવિધ પ્રકારનાં કંપનો નિર્માણ થઈને વિવિધ રંગોની રંગ-છટાઓ નિર્માણ થતી હોય છે.

(૨૩) અન્નં વૈ ગિરચ્છેદઃ। અન્નનાં કંપનોને ગિર-ચ્છંદ કહેવામાં આવે છે. ગિર એટલે સ્થૂળ.

(૨૪) અગ્નિ વૈં ભ્રજચ્છંદઃ। શરીરમાંની શારિરિક વિદ્યુતનાં કંપનોને ભ્રજ-છંદ કહેવામાં આવે છે. કારણ ભ્રજ એટલે તીક્ષ્ણતામાંથી નિર્માણ થએલાં કંપનો.

(૨૫) વાગેવ સંસ્તુપ છંદઃ। વાગનુષ્ટુપ છંદઃ। વાક્થી અર્થાત બોલવાથી નિર્માણ થતાં કંપનોને સંસ્તૂપ અથવા અનુષ્ટુપ છંદ કહેવામાં આવે છે. કારણ સંસ્તૂપ એટલે આગળ વ્યવસ્થિત રીતે ગોઠવેલા કંપનો (સં+સ્તૂપ) અને અનુષ્ટુપ એટલે પાછળ વ્યવસ્થિત ગોઠવેલા કંપનો (અનુ+સ્તૂપ) અર્થાત બોલવામાં બધા જ કંપનો પહેલેથી છેલ્લે સુધી ગોઠવેલાં હોય છે.

(૨૬) અન્નં વૈ વય છંદઃ। અન્નના કંપનોને વયસ - છંદ કહે છે કારણ અન્ન ગ્રહણ કર્યાથી જે તમસ છવાઈ જાય છે તે તમસના કંપનો એટલે વયસ-છંદ. વયસ એટલે કાળોરંગ અથવા તમસ.

શતપથ બ્રાહ્મણનાં સૂત્ર ૮-૫-૨-૬ અનુસાર નીચે મુજબ સૂત્રોનો અર્થ થાય છે.

(૨૭) અગ્નિ વૈ વયસ્વૃતઃ - શારિરીક વિદ્યુતને વેદોમાં 'અગ્નિ' કહેવામાં આવે છે. તે અગ્નિ હૃદયમાં સતત બળતો રહે છે પણ તે શરીરરૂપી તામાસિક પ્રકૃતિથી ઘેરાએલો હોય છે. વયસ એટલે કાળોરંગ અથવા તમસ તેથી આવૃત એટલે વયસવૃત. તેથી અગ્નિનાં કંપનો એટલે વયસ્વૃત છંદઃ

(૨૮) અસૌ વૈ લોકો વિષ્પર્ધાશ્છંદઃ। અસૌ વૈ લોકો વિશાલં છંદઃ આ જગતમાંના કંપનોને વિસ્પર્ધા છંદ અને વિશાલ છંદ કહેવામાં આવે છે. કારણ આ જગતમાંના કંપનો એક બીજા ઉપર છવાઈ જવા માટે સતત અથડાતા હોય છે. વિસ્પર્ધા એટલે તીવ્ર સ્પર્ધા, આવા કંપનોનું ક્ષેત્ર બ્રહ્માંડમાંની દસે દિશા હોવાથી તેને વિશાલ-છંદ કહેવામાં આવે છે.



(૨૯) અન્તરિક્ષં વૈ છદિ-છંદઃ। શરીરના ઑરાના પ્રદેશને અન્તરિક્ષ કહેવામાં આવે છે. આ ઓરામાંના કંપનોને છદિ-છંદ કહેવામાં આવે છે. કારણ તેમાંનાં કંપનો આત્મતત્વને આચ્છદિત કરી નાખે છે.

(૩૦) અસૌ વા આદિત્યો દુરોહણં છંદઃ

આ આત્મ સૂર્યના દિવ્ય કંપનો સુધી પહોંચવું ખૂબજ મુશ્કેલ છે. માટે તેમને દુરોહણ-છંદ કહેવામાં આવે છે.

(૩૧) પંકિત વૈં તન્દ્રં છન્દઃ। શબ્દ સમૂહનાં કંપનોને તન્દ્ર છન્દ કહેવામાં આવે છે, કારણ તે કંપનો માણસને તન્દ્રામાં નાખી દે છે. અર્થ સમજવામાં એકાગ્રતા નિર્માણ કરે છે.

(૩૨) આપો વા અકાકં છંદઃ। જળનાં કંપનોને અકાક-છંદ : કહેવામાં આવે છે. કારણ તે નિર્મળ હોય છે. અકાકનો અર્થ મલિનતાથી મુક્ત. કાક એટલે કાગડો. (સંપૂર્ણ)

## પેકેજ-ડીલ

**દુર્લભં ભારતે જન્મ, દુષ્પ્રાપ્યા તસ્ય સંસ્કૃતિઃ।**
**વિરલશ્ચ માતૃભાવો, અનન્યા યોગનિષ્ઠા સ્મૃતા ॥**

એક તો ભારતવર્ષમાં જન્મ દુર્લભ છે. જન્મ લઈને પણ ભારતીય - સંસ્કૃતિની સાચી ઓળખાણ અને સમજણ મેળવવી તેથી પણ દુર્લભ છે. આવી સમજણ મળવા છતાં વૈરાગ્યની પ્રબળતાને કારણે ભારતવર્ષ પ્રત્યે જીવતી જાગતી ભારતમાતા તરીકે માતૃભાવ કેળવવો તેથી પણ દુર્લભ છે. પરંતુ ગીતામાં જણાવેલી યોગનિષ્ઠા સદ્ભાગ્યે પ્રાપ્ત કરવી એ તો સહુથી દુર્લભ વસ્તુ છે.

પણ આ બધી જ વસ્તુઓ આપણને સહજરીતે શ્રી અરવિંદ આપવા આવ્યા હોય તો... શું કરવું... વિચારી જુઓ !